

P.07

રખડતાં કૂતરા હટાવવાના આદેશનો કલાકારોએ પણ કર્યો વિરોધ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ વદ ૦૫ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 14 • Dt.14-08-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

આવા અહેવાલો જોઇને હસવું આવે છે : મૃણાલ ઠાકુર



પાકિસ્તાનના બલુચિસ્તાનમાં મોટો આતંકવાદી હુમલો । આતંકવાદીઓએ ૯ સૈનિકોના મોત 07

**14** AUGUST- 2025 THURSDAY



07 સપ્ટેમ્બરમાં યુએનજીએ સત્ર માટે વડાપ્રધાન મોદી અમેરિકા જઈ શકે છે, ટ્રમ્પ સાથે પણ વાત કરી શકે





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


ગુજરાત રાજ્યમાં કુલ રૂપિયા

## રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક નીતી-૨૦૧૫ હેઠળ 'ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રિઝ' યોજનાનો અમલ કરવામાં આવ્યો

# ૧,૪૭૮ કરોડ કરતાં વધુનું મૂડીરોકાણ ધરાવતા ૨૨ મોટા એકમોની અરજીઓ મંજૂર

### રાજ્યમાં 'ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રિઝ' યોજના અંતર્ગત અંદાજે રૂ. ૧.૪૮ લાખ કરોડના મૂડીરોકાણ સાથે ૧.૬૫ લાખ કરતાં વધુ સીધી રોજગારીનું સર્જન : ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂત

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૩ ।

ગાંધીનગર ખાતે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં મોટા ઉદ્યોગોને ફાઈનલ એલીજીબીલીટી પ્રમાણપત્ર આપવા અંગેની સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કુલ રૂ. ૧,૪૭૮.૭૧ કરોડનું મૂડીરોકાણ ધરાવતા ૨૨ મોટા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી હતી, જેનાથી રાજ્યમાં અંદાજિત ૪,૧૩૬ જેટલી નવી રોજગારીનું સર્જન થયું છે.આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં એક ઉદ્યોગ ફ્રેન્ડલી ઈકો સિસ્ટમનું નિર્માણ થયું છે. જે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં 'ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રિઝ' યોજના અંતર્ગત અંદાજે રૂ. ૧,૪૮,૩૩૬. ૩૫ કરોડનું મૂડીરોકાણ તેમજ ૧.૬૫ લાખ કરતાં વધુ સીધી રોજગારીનું સર્જન થયું છે. જેના પરિણામે સ્જીસ્ઈ સેક્ટરના નાના અને મધ્યમ કક્ષાના આનુષંગિક ઉદ્યોગોને વધુ વેગ મળ્યો છે.જે રાજ્યમાં ઉદ્યોગોને વધુને વધુ સક્ષમ બનાવવા તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ગુજરાતમાં રોજગારી વધારવામાં મહત્વનો ભાગ ભજવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ મિટિંગમાં ઉદ્યોગ-ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા, વન-પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ સંજીવ કુમાર, શ્રમ-રોજગાર વિભાગના સચિવ ડૉ. વિનોદ રાવ, ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

#### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં ૧.૬૫ લાખ કરતાં વધુ સીધી રોજગારીનું સર્જન થયું



ગુજરાતમાં રોજગારી વધારવામાં મહત્વનો ભાગ ભજવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ મિટિંગમાં ઉદ્યોગ–ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા, વન–પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ સંજીવ કુમાર, શ્રમ–રોજગાર વિભાગના સચિવ ડૉ. વિનોદ રાવ, ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં એક ઉદ્યોગ ફ્રેન્ડલી ઇકો સિસ્ટમનું નિર્માણ થયું છે. બેઠકમાં કુલ રૂ. ૧,૪૭૮.૭૧ કરોડનું મૂડીરોકાણ ધરાવતા ૨૨ મોટા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.



#### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં એક ઉદ્યોગ ફ્રેન્ડલી ઇકો સિસ્ટમનું નિર્માણ થયું

ગુજરાતને વ્યાપક સામાજિક અને આર્થિક વિકાસની દીવાદાંડી બનાવવાના વિઝન સાથે રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક નીતી–૨૦૧૫ હેઠળ 'ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રિઝ' યોજનાનો અમલ કરવામાં આવ્યો છે. ગુજરાતને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રમાં અદ્યતન ટેક્નોલોજી અને ઈનોવેશનમાં અગ્રેસર કરવા, અત્યાધુનિક ટેક્નોલોજી સાથે મોટા પાયે રોકાણ આકર્ષિત કરવા તેમજ નવીન પ્રોજેક્ટ્સમાં રોકાણને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યમાં આવનારા ઉદ્યોગોને નેટ એસ.જી.એસ.ટી. સહાય આપવા અંગેની આ યોજના થકી ગુજરાત માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વમાં રોકાણનું સૌથી આકર્ષક સ્થળ બન્યું છે, જેને મોટા ઉદ્યોગો દ્વારા સારો એવો પ્રતિસાદ મળ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં 'ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રિઝ' યોજના અંતર્ગત અંદાજે રૂ. ૧,૪૮,૩૩૬. ૩૫ કરોડનું મૂડીરોકાણ તેમજ ૧.૬૫ લાખ કરતાં વધુ સીધી રોજગારીનું સર્જન થયું છે.

#### અમદાવાદ જિલ્લામાં મેટલ, પેપર, ફૂડ-એગ્રો, સિમેન્ટ-કોંક્રીટ સેક્ટરમાં રૂ. ૩૮૩.૯૧ કરોડ



મંત્રી રાજપૂતે કહ્યું કે, આજે મંજૂર કરવામાં આવેલી અરજીઓ પૈકી અમદાવાદ જિલ્લામાં મેટલ, પેપર, ફૂડ–એગ્રો, સિમેન્ટ–કોંક્રીટ સેક્ટરમાં રૂ. ૩૮૩.૯૧ કરોડ, કચ્છમાં મેટલ સેક્ટરમાં રૂ. ૨૨૭.૭૭ કરોડ, ભરૂચમાં કેમિકલ તથા સિરામિક સેક્ટરમાં રૂ. ૨૧૮.૮૮ કરોડ, મહેસાણામાં પેપર સેક્ટરમાં રૂ. ૫૫.૨૩ કરોડ, મોરબીમાં સિરામિક, મેટલ, પેપર, ટેક્ષ્ટાઇલ સેક્ટરમાં રૂ. ૧૬૭.૭૦ કરોડ, રાજકોટમાં મેટલ સેક્ટરમાં રૂ. ૩૬.૨૨ કરોડ, વલસાડમાં કેમિકલ, પ્લાસ્ટિક તથા પેપર સેક્ટરમાં રૂ. ૩૫૯.૪૭ કરોડ તથા સુરેન્દ્રનગર જિલ્લામાં પેપર સેક્ટરમાં રૂ. ૨૯.૫૩ કરોડના મૂડીરોકાણને સહાય માટે મંજૂરી આપવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### જીઆઇડીસી રોડ પર મેડિકલ વેસ્ટ ઠાલવવા મુદ્દે સ્થાનિકોનો હોબાળો

। પ્રતિનિધિ, બરોડા, તા.૧૩ ।

જીઆઈડીસી રોડ પર આવેલ સ્વામી વિવેકાનંદ વિદ્યાલય પાસે જાહેર માર્ગ ઉપર અવારનવાર મેડિકલ વેસ્ટ ઠાલવવા મુદ્દે સ્થાનિકોના હોબાળા બાદ એક્શનમાં આવેલ જીપીસીબીએ આસપાસ આવેલ ત્રણ એકમોને લેખિત સૂચનાઓ આપી હતી.વોર્ડ નં. ૧૭માં સમાવિષ્ટ જીઆઈડીસી શાક માર્કેટ પાસે આવેલ સ્વામી વિવેકાનંદ વિદ્યાલય પાસે જાહેર માર્ગ ઉપર અવારનવાર મેડિકલ વેસ્ટ ઠાલવવા તથા અસામાજિક તત્વોના ત્રાસ સ્થાનિકોએ ભારે હોબાળો મચાવી જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. સ્થાનિક આગેવાનોનું કહેવું હતું કે, માર્ગ ઉપર અવારનવાર મેડિકલ સહિતનો વેસ્ટ ઠાલવવામાં આવે છે, અહીં શાળા આવેલી હોય વિદ્યાર્થી, વાલીઓ તથા રહીશો પરેશાન થાય છે, સરકારી હોસ્પિટલમાંથી જાહેરમાં મેડિકલ વેસ્ટ ઠાલવી નિયમોનું ઉલ્લંઘન કરે છે, તેમજ અહીં અસામાજિક તત્વોનો ત્રાસ છે, આ મામલે અગાઉ કોર્પોરેશન ,પોલીસ તથા શાળા સંચાલકને રજૂઆત કરી ચૂક્યા છે. ઘટના અંગે જીપીસીબીને જાણ થતા ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. તપાસમાં બાયોમેડિકલ વેસ્ટ નહીં પરંતુ કોર્પોરેશન વેસ્ટ હોય તે વેસ્ટ કોર્પોરેશને હટાવી દીધો હતો.

### ભારેથી અતિભારે વરસાદની આગાહી

# બંગાળની ખાડીમાં સર્જાઈ સિસ્ટમ વરસાદ ગુજરાત રાજ્યને ધમરોળશે

#### હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, બંગાળની ખાડીના મધ્ય ભાગોમાં સરેરાશ દરિયાઈ સપાટીથી ૩.૧ અને ૫.૮ કિમી ઉપર ઉપરી હવાનું ચક્રવાતી પરિભ્રમણ યથાવત

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૩ ।

રાજ્યમાં થોડા જ દિવસોમાં વરસાદની રાહ સમાપ્ત થતી દેખાઈ રહી છે. હવે બંગાળની ખાડીના મધ્ય વિસ્તારમાં એક અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થઈ ગયું છે. જે હવે લો પ્રેશરમાં ફેરવાશે. આ સિસ્ટમ વધારે મજબૂત થઈને વેલમાર્ક લો પ્રેશર પણ બની શકે છે. જેના કારણે રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે.હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, બંગાળની ખાડીના મધ્ય ભાગોમાં સરેરાશ દરિયાઈ સપાટીથી



૩.૧ અને ૫.૮ કિમી ઉપર ઉપરી હવાનું ચક્રવાતી પરિભ્રમણ યથાવત રહે છે. તેના પ્રભાવ હેઠળ ૧૩ ઓગસ્ટના રોજ પશ્ચિમ મધ્ય અને ઉત્તરપશ્ચિમ બંગાળની ખાડીને અડીને આવેલા ઉત્તરપશ્ચિમમાં લો-પ્રેશર ક્ષેત્ર બનવાની સંભાવના છે અને તે ૫ છીના ૪૮ કલાક દરમિયાન વધુ તીવ્ર બનશે.બંગાળની ખાડીમાં એક અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થઈ ગયું છે. હવે અહીંથી ભેજવાળા પવનો ધીમે ધીમે આગળ વધશે અને મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના વિસ્તારમાં થઈને ગુજરાતમાં પહોંચશે. જેના કારણે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે.એક અનુમાન પ્રમાણે આ સિસ્ટમની અસર ૧૫ ઓગસ્ટથી જ ગુજરાત પર શરૂ થઈ શકે છે. ગાજવીજ સાથે રાજ્યના કેટલાક વિસ્તારમાં વરસાદની શરૂઆત થઈ શકે છે. જોકે, જન્માષ્ટમી એટલે કે ૧૬ ઓગસ્ટથી ભારેથી અતિભારે વરસાદની શરૂઆત થઈ જશે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસવાનું શરૂ થઈ શકે છે.અનુમાન પ્રમાણે આ સિસ્ટમની સાથે જ અરબ સાગર પણ સક્રિય થઈ શકે છે. વિવિધ વેધર મોડલના આધારે એવું અનુમાન લગાવાઈ રહ્યું છે કે ૧૬થી લઈને ૨૩ ઓગસ્ટ સુધી રાજ્યમાં જોરદાર વરસાદી માહોલ છવાશે.

### ફરીથી શિક્ષણ જગતની કાર્યપદ્ધતિ પર બટ્ટો લાગ્યો

## લીમખેડાની એક શાળામાં એલસી કાઢવા માટે ૫૦૦૦ રુપિયાની લાંચ મંગાઈ



। પ્રતિનિધિ, દાહોદ,તા.૧૩ ।

ગુજરાતમાં ફરીથી શિક્ષણ જગતની કાર્યપદ્ધતિ પર બટ્ટો લાગ્યો છે. આ વખતે વિદ્યાર્થીનું એલસી કાઢવા માટે ૫૦૦૦ રુપિયાની લાંચ માંગવા આવી છે. દાહોદના લીમખેડાની એક પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીને એલસી ઈશ્યૂ કરવા બદલ ૫૦૦૦ રુપિયા માંગતા ચકચાર મચી ગઈ છે. ચકચાર મચી જવાનું એક મહત્વનું કારણ એ પણ છે કે આ સ્કૂલ છે કે. જે. ભાભોર સ્કૂલ ઓફ સાયન્સ. જેનું સંચાલન દાહોદના સાંસદ જશવંત સિંહ ભાભોરની સંસ્થા દ્વારા કરવામાં આવે છે.લીમખેડાની એક ખાનગી શાળા કે. જે. ભાભોર સ્કૂલ ઓફ સાયન્સમાં વિધાર્થી પાસેથી એલસી કાઢવાના માટે ૫૦૦૦ રુપિયા લેવામાં આવ્યા. વિધાર્થીના વાલી દ્વારા તમામ ઘટનાનો વીડિયો ઉતારી લેવામાં આવ્યો. આવી બાબત ધ્યાને આવે તો તાલુકો કે જિલ્લા કક્ષાએ ડીઈઓને જાણ કરવી.

### કપરાડા તાલુકા પંચાયતની સભા બની તોફાની

## વલસાડ જિલ્લામાં કોંગ્રેસી સભ્યનું 'રોટલી' સાથે વિરોધ પ્રદર્શન

#### કુંજાલી પટેલે જણાવ્યું કે, તાલુકાના તમામ ગામો સમાન છે, પણ વિકાસ માટેની ગ્રાન્ટમાં સરખી વહેંચણી થતી નથી



। પ્રતિનિધિ, વલસાડ, તા.૧૩ ।

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય સભા મંગળવારે એક અનોખા વિરોધના કારણે ચર્ચાનું કેન્દ્ર બની. કોંગ્રેસની સભ્ય કુંજાલી પટેલે વિકાસ ગ્રાન્ટના વિતરણમાં ભેદભાવનો આક્ષેપ કરતાં રોટલી સાથે વિરોધ નોંધાવ્યો, જેના કારણે સભા તોફાની બની ગઈ.કુંજાલી પટેલે જણાવ્યું કે, "તાલુકાના તમામ ગામો સમાન છે, પણ વિકાસ માટેની ગ્રાન્ટમાં સરખી વહેંચણી થતી નથી. અમુક વિસ્તારને લાભ આપવામાં આવે છે, જ્યારે કેટલાક વિસ્તારમાં અવગણના થાય છે." આ વિરોધને વધુ નોંધપાત્ર બનાવવા માટે તેમણે સભામાં રોટલીના સરખા ભાગ કર્યા અને કહ્યું કે જેમ રોટલીના સરખા ભાગ થાય છે, તેમ ગ્રાન્ટ પણ ન્યાયસંગત રીતે વહેંચવી જોઈએ. માહોલ ગરમ થઈ ગયો હતો, અને માહોલ ક્ષણવાર તોફાની બની ગયો. તાલુકા પંચાયતના પ્રમુખે આક્ષેપોને ફગાવીને જણાવ્યું કે તમામ નિર્ણયો પાલિકા નિયમો અનુસાર લેવાય છે અને વિકાસના કામમાં કોઈપણ જાતનો ભેદભાવ રાખવામાં આવતો નથી.આ ઘટના બાદ સભા વધુ વિલંબ વિના પૂર્ણ કરવામાં આવી, પરંતુ "રોટલી વિરોધ" ને કારણે આ બેઠક ચર્ચાનું કેન્દ્ર બની રહી. જિલ્લા રાજકારણમાં આવા અનોખા વિરોધનું આ પહેલું ઉદાહરણ છે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય સભા મંગળવારે એક અનોખા વિરોધના કારણે ચર્ચાનું કેન્દ્ર બની. કોંગ્રેસની સભ્ય કુંજાલી પટેલે વિકાસ ગ્રાન્ટના વિતરણમાં ભેદભાવનો આક્ષેપ કરતાં રોટલી સાથે વિરોધ નોંધાવ્યો, જેના કારણે સભા તોફાની બની ગઈ.કુંજાલી પટેલે જણાવ્યું કે, "તાલુકાના તમામ ગામો સમાન છે.

### ગુજરાત હાઇકોર્ટની લાલ આંખ! | શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને રસ્તાની આસપાસના દબાણો મોટો માથાનો દુખાવો

# દબાણ હટાવવામાં જે કોઈ રાજકીય પ્રેશર કરતા હોય તેમની સામે કાર્યવાહી થશે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૩ ।

શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને રસ્તાની આસપાસના દબાણો મોટો માથાનો દુખાવો બની ગયા છે. આ સમસ્યાને નિવારવા માટે શહેર ટ્રાફિક પોલીસ દ્વારા કરાયેલી ડ્રાઈવ અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ પોલીસને કામગીરી સમયે રાજકીય દબાણ કરાતું હોવાની હાઈકોર્ટમાં ફરિયાદ થઈ છે. ગુજરાત સરકારે કોર્ટમાં જણાવ્યું છે કે, અમારા અધિકારી કામ કરે છે તેમને રાજકીય દબાણ કરીને રોકવામાં આવી રહ્યા છે. તેની સામે ગુજરાત હાઈકોર્ટે સખત શબ્દોમાં જણાવ્યું છે કે, આ જે લોકો છે જે કામમાં અડચણરૂપ બને છે તેમના નામ આપો. જે કોઈપણ રાજકીય વ્યક્તિ આ કામ કરતા હશે તેના વિરુદ્ધ કન્ટેમ્પટ ઓફ કોર્ટની કાર્યવાહી થશે.

ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોશિએશનના સેક્રેટરી, હાર્દિક બ્રહ્મભટ્ટે આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે, સરકારના વકીલોએ કોર્ટમાં એવું કહ્યું હતું કે, સરકારી વ્યક્તિઓ જ્યારે આ કામ માટે જાય છે ત્યારે અમુક પક્ષના લોકો રાજકીય દબાણ કરીને આ પક્ષની વિચારસરણીને



આગળ ધપાવવા માટે અથવા સરકારી કામને ખોરંભે કરવા માટે અલગ અલગ પ્રયત્નો કરે છે જેના કારણે સરકારી કામમાં અડચણ ઉભી થાય છે.આમાં કોર્ટે એવું કહ્યું કે, આવા કોઈપણ વ્યક્તિઓ હોય જે આ રીતનું કૃત્ય કરતા હોય તો તેમના નામ આપો. આ રીતે સરકારી કામમાં કોઈ અડચણ રૂપ હોય તેની સામે કન્ટેમ પણ લાગી શકે છે તેવું જણાવ્યું હતું. સરકાર તરફથી જણાવવામાં આવ્યું હતું કે, ડીસીપી કક્ષાના અધિકારી વિરુદ્ધ સોશિયલ મીડિયામાં વાતો ફેલાવવામાં આવી રહી છે.

મારો વિસ્તાર મારો અવાજ

# મારું ગુજરાત

LOK PATRIKA
Ahmedabad, Thursday 14-08-2025

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ I સમાચાર માટે : ૯૮૨૫૫ ૫૨૧૨૫ I જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

## દુનિયામાં ગુજરાત રાજ્યનો ડંકો!

# ગુજરાતમાં ઓલિમ્પિક પહેલાં જ અમદાવાદના સિતારા ચમક્યા

### ભારતે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદને યજમાન શહેર તરીકે નોમિનેટ કર્યું

I પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૩ I

ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશને ૧૩ ઓગસ્ટના રોજ નવી દિલ્હીમાં તેની ખાસ સામાન્ય સભા દરમિયાન ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે દેશની બિડને ઔપચારિક રીતે મંજૂરી આપી દીધી છે. ભારતે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદને યજમાન શહેર તરીકે નોમિનેટ કર્યું છે. જોકે, ભારતે ૩૧ ઓગસ્ટની અંતિમ તારીખ પહેલાં અંતિમ બિડ માટે દરખાસ્તો સબમિટ કરવાની રહેશે.કેનેડા રેસમાંથી બહાર થઈ ગયા પછી ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે ભારતની શક્યતાઓ વધી ગઈ છે. કોમનવેલ્થ ગેમ્સના ડિરેક્ટર ડેરેન હોલના નેતૃત્વમાં કોમનવેલ્થ ગેમ્સના અધિકારીઓની એક ટીમ તાજેતરમાં અમદાવાદની મુલાકાત લઈને સ્થળોનું નિરીક્ષણ કરવા અને ગુજરાત સરકારના અધિકારીઓ સાથે ચર્ચા કરવા માટે પહોંચી હતી. કોમનવેલ્થ ગેમ્સનું પ્રતિનિધિમંડળ આ મહિનાના અંતમાં અમદાવાદ પહોંચવાની અપેક્ષા છે. આ પછી અંતિમ નિર્ણય નવેમ્બરમાં લેવામાં આવી શકે છે.કોનવેલ્થ ગેમ્સની જનરલ એસેમ્બલી નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ગ્લાસગોમાં યજમાન દેશનો નિર્ણય લેશે. આ પછી જ નક્કી થશે કે ભારત ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન




કરશે કે કોઈ અન્ય દેશને આ મેગા ઈવેન્ટનું આયોજન મળશે. જો ભારતને યજમાનપદ મળે છે, તો આ રમતોનું આયોજન બીજી વખત ભારતમાં કરવામાં આવશે.ભારતે અગાઉ ૨૦૧૦માં દિલ્હીમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું. ભારત ૨૦ વર્ષ પછી ફરીથી આ રમતોનું આયોજન કરી શકે છે. અમદાવાદના સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં અત્યાધુનિક સુવિધાઓ સાથે લગભગ દરેક રમત માટે મેદાન અને કોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. ઘણી રમતો માટે સુવિધાઓ પણ તૈયાર છે. આગામી સમયમાં ભારત ઓલિમ્પિકની યજમાની માટે પણ દાવો કરવા જઈ રહ્યું છે. ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશને ૧૩ ઓગસ્ટના રોજ નવી દિલ્હીમાં તેની ખાસ સામાન્ય સભા દરમિયાન ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે દેશની બિડને ઔપચારિક રીતે મંજૂરી આપી દીધી છે. ભારતે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદને યજમાન શહેર તરીકે નોમિનેટ કર્યું છે.

## સુરતમાં બે બાળકો સહિત માતાએ રેલવે ટ્રેક પર પડતું મૂક્યું, ખુલાસાથી હડકંપ

I પ્રતિનિધિ, સુરત, તા.૧૩ I

સુરતમાં ફરી એક વાર કરુણ અને દુઃખદ ઘટના બની છે. અહીં એક દિવસ અગાઉ એક મહિલાએ પોતાના બે કુમળા સંતાનો સાથે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સુરત રેલવે સ્ટેશન પર એક ૩૦ વર્ષીય મહિલાએ પોતાના બે ૫ વર્ષીય અને ૨ વર્ષીય સંતાનોને લઈને આપઘાતનો પ્રયાસ કર્યો. મહિલા પોતાના બાળકોને સાથે લઈને આપઘાત કરવા માટે રેલવે ટ્રેક પર સૂઈ ગઈ. એક માલગાડી તેમના પરથી પસાર થઈ ગઈ, અને આ ઘટનામાં મહિલાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જયારે તેના બંને બાળકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમાંથી એક બાળકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. સુરતમાં ફરી એક વાર કરુણ અને દુઃખદ ઘટના બની છે.

## સુરતમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી

I પ્રતિનિધિ, સુરત, તા.૧૩ I

સુરતમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરત રેલવે સ્ટેશન પર બે બાળકો સાથે માતા માલગાડી ટ્રેન આગળ સૂઈ ગઈ હતી. જોકે, ટ્રેનની અડફેટે આવતા મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બંને બાળકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હાલ બાળકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, મંગળવારે (૧૨ ઓગસ્ટ) ૨૭ વર્ષીય મહિલા બે બાળકો ૩ વર્ષીય પુત્ર અને ૫ વર્ષીય પુત્રી સાથે બપોરે ૧૨ વાગ્યે સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ની આગળ પહોંચી હતી. આ દરમિયાન એક માલગાડી પસાર થતા ટ્રેન આગળ મહિલા બાળકો સાથે સૂઈ ગઈ હતી. ટ્રેનની અડફેટે આવતા મહિલાના શરીરના બે ટુકડાં થઈ ગયાં હતાં. જ્યારે બંને બાળકોને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ૧૦૮ દ્વારા સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## બે ગઠિયા વિધવાના રૂ.૫૦ હજારના દાગીના લઇ ફરાર

I પ્રતિનિધિ, વડોદરા, તા.૧૩ I

વડોદરાના દુમાડ ખાતે રહેતા મહિલા છાણી બેન્ક ઓફ બરોડા ખાતે પેન્શનની પાસબુકમાં એન્ટ્રી પડાવવા માટે ગયા હતા. ત્યારે બે ગઠિયા તેમની પાસે આવ્યા હતા અને તેઓએ બેન્કના અધિકારી છે તમારા પતિએ રૂ.૯ લાખ બેન્કમાં મુક્યા છે તેમાંથી તમને રૂ.૨.૫૦ લાખ આપીશું બાકી બેન્કમાં રહેશે તેમ કહી ફોર્મ ભરવાના બહાને દાગીના ઉતરાવી ફોટો પડાવ્યો હતો. ત્યારબાદ માજી તમે અહિયા બેસો અમે સહી સિક્કા કરાવી આવીએ છીએ તેમ કહી ફરાર થઈ ગયા હતા. જેથી રૂ.૫૦ હજાર લઇ ભાગી ગયેલા બંને ગઠિયા પરત નથી આપતા તેમના વિરુદ્ધ મહિલાએ ફરિયાદ નોંધાવી છે.વડોદરા જિલ્લાના દુમાડ ગામે નવીનગરમાં રહેતા મધુબેન બચુભાઈ ચાવડાના પતિ પીડબ્લ્યુડી વિભાગમાં નોકરી કરતા હતા પરંતુ પતિનું અવસાન થયું હતું. ત્યારે હવે મહિલાને તેમના પતિનું પેન્શન દર મહિને રૂ.૧૦ હજાર મળે છે, જે બેન્ક ઓફ બરોડા છાણી શાખામાં તેઓ ઉપાડતા હતા.૧૧ ઓગસ્ટના રોજ સવારના દસ વાગ્યાના અરસામાં ઘરેથી રીક્ષામાં બેસી છાણી બીઓબીમાં પેન્શનની પાસબુકમાં એન્ટ્રી પડાવી, કરીયાણાનો થોડો સામાન લઈને પરત ઘરે આવવા માટે રીક્ષા માટે રાહ જોઈ રહ્યા હતા. તે દરમિયાન બે શખ્સ તેમની પાસે આવ્યાં હતા અને પોતાને બેંકના અધિકારી હોવાની ઓળખ આપી હતી.

## દેવાયત ખવડ સહિત ૧૫ લોકો સામે આ ફરિયાદ નોંધાઈ

# ગુજરાત રાજ્યના જાણીતા કલાકાર દેવાયત ખવડની મુશ્કેલીઓ વધી! નોંધાઈ ફરિયાદ

I પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧૩ I

ડાયરા કલાકાર દેવાયત ખવડની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ધ્રુવરાજસિંહ ચૌહાણ નામના યુવક સાથે ઘર્ષણ મામલે ફરિયાદ નોંધાઈ છે. દેવાયત ખવડ સહિત ૧૫ લોકો સામે આ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે દેવાયત ખવડ સામે હત્યાનો પ્રયાસ સહિતના આરોપો હેઠળ ગુનો નોંધ્યો છે. વાહન અથડાવી મૃત્યુ નીપજાવવાની કોશિશ કરવી, ભયંકર હથિયાર વડે ઈજા પહોંચાડવાનો ગુનો નોંધાયો છે. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



ડાયરાના કલાકાર દેવાયત ખવડ ફરી એકવાર વિવાદમાં સપડાયા છે. ડાયરા કલાકાર દેવાયત ખવડ અને તેમનાં સાથીઓ સામે ધ્રુવરાજસિંહ ચૌહાણની કારને ટક્કર મારવાનો અને માર મારવાનો આરોપ છે. આ મામલે તાલાલા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ધ્રુવરાજસિંહ ચૌહાણને માર મારી હત્યાનાં પ્રયાસના આરોપ હેઠળ દેવાયત ખવડ સહિત ૧૫ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે. માહિતી અનુસાર, દેવાયત ખવડ સામે વાહન અથડાવી મૃત્યુ નીપજાવવાની કોશિશ, ભયંકર હથિયાર વડે ઈજા પહોંચાડવી, ગેરકાયદે મંડળી રચવી, નુકસાન પહોંચાડવું, ગુનાહિત ષડયંત્ર રચવું, ઈરાદાપૂર્વક ઉશ્કેરવા અને ધમકી આપવા સહિતનાં આરોપો હેઠળ ગુનો નોંધાયો છે.ફરિયાદી ધ્રુવરાજસિંહ ચૌહાણે આરોપ સાથે જણાવ્યું હતું કે, તેમના પર હુમલો કરવામાં ૧૦ થી ૧૫ જેટલા લોકો હતા. તેમની સોનાની ચેન અને રોકડ રકમની લૂંટ પણ કરાઈ હતી. જ્યારે દેવાયત ખવડે બંદુક બતાવીને આ મામલે કેસ ન કરવાની ધમકી આપી છે. ધ્રુવરાજસિંહનો આક્ષેપ છે કે, આજે સવારે ૧૧ કલાકે તાલાલાના ચિત્રાવડ ગામે હુમલો થયો હતો. આ હુમલો જૂની અદાવતમાં કર્યો હોવાનો ધ્રુવરાજસિંહનો આરોપ છે. ૫૦ ની સ્પીડે ગાડી ચલાવતા હોવા છતાં તેમની કારને દેવાયત ખવડની ફોર્ચ્યુનર અને ક્રેટાએ પાંચ વખત ટક્કર મારી હતી. પછી બંને ગાડીમાંથી ઉતરેલા લોકોએ ધ્રુવરાજસિંહને માર માર્યો હતો. ગાડીમાંથી ઉતરેલા ત્રણ લોકોએ ધ્રુવરાજસિંહને જ લોખંડના પાઈપ વડે માર માર્યો હતો.

## બનાસકાંઠામાં ગુંદરી હાઇવે પર બે ટ્રક વચ્ચે ટક્કર

I પ્રતિનિધિ, બનાસકાંઠાન તા.૧૩ I

બનાસકાંઠાના પાંથાવાડા ગુંદરી હાઈવે પર અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. જ્યાં બે ટ્રેલર ટ્રક સામ-સામે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં હાલ બે લોકોના મોત થયા હોવાની માહિતી સામે આવી રહી છે. બનાસકાંઠાના પાંથાવાડા ગુંદરી હાઈવે પર બુધવારેવહેલી સવારે બે ટ્રેલર ટ્રક સામ-સામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે, બે લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. જોકે, બંનેના મૃતદેહ ટ્રેલરમાં જ ફસાઈ ગયા હતા. સમગ્ર ઘટનાની જાણ સ્થાનિકો દ્વારા પોલીસને કરવામાં આવતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માતમાં મૃત્યુ પામેલા મૃતદેહોને ટ્રેલરની બહાર કાઢ્યા અને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. અકસ્માતના કારણે હાઈવે પર ભારે ટ્રાફિકજામ થયો હતો તેને દૂર કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, હજુ સુધી મૃતકોની ઓળખ થઈ નથી. પોલીસ આ મામલે અકસ્માતનો ગુનો દાખલ કરી પીએમ રિપોર્ટની રાહ જોઈ રહી છે. રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યલાહી હાથ ધરવામાં આવશે.

## જામનગરમાં શ્રાવણી લોકમેળો યોજાશે, હાઇકોર્ટે અરજી ઉપર સ્ટે લગાવ્યો

I પ્રતિનિધિ, જામનગર,તા.૧૩ I

જામનગરમાંમાં શ્રાવણી લોકમેળાની અંગે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જામનગરમાં હવે શ્રાવણી લોકમેળો યોજાશે. જામનગરમાં શ્રાવણી લોકમેળો નહીં યોજાવવાની માંગ કરતી અરજી પર ગુજરાત હાઈકોર્ટે સ્ટે લગાવ્યો છે. હાઈકોર્ટના આ નિર્ણયથી લોકમેળાનો આયોજન કરવાનું સરળ બન્યું.હવે જામનગરમાં લોકમેળોને લીલીઝંડી.મળીનોંધનીય છે કે અરજદારે જામનગરમાં શ્રાવણી લોકમેળામાં લોકોની સલામતી અને રાઈડસના મુદ્દે મેળો નહીં યોજાવવાની એક અર કોર્ટમાં કરી હતી, આ કેસ સિવિલ કોર્ટમાં ચાલ્યો હતો જે અંગે સિવિલ કોર્ટે મહત્વનો ચુકાદો આપીને મેળાના આયોજનને લીલીઝંડી આપી હતી. આ ચુકાદાને અમાન્ય ગણીને ઉપલી કોર્ટમાં લોકમેળો નહીં યોજવાની અરજી દાખલ કરી હતી. આ કેસ ડિસ્ટ્રીકટ કોર્ટમાં આગળ વધે તે પહેલા જ આ અરજી પર હાઈકોર્ટે સ્ટે મુક્યો છે. જેના લીધે હવે જામનગરમાં શ્રાવણી મેળો યોજાશે, હવે કોઈ કાનૂની અવરોધ નથી. જામનગર જિલ્લામાં આ નિર્ણયથી ખુશીનો માહોલ છે. જામનગરમાંમાં શ્રાવણી લોકમેળાની અંગે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જામનગરમાં હવે શ્રાવણી લોકમેળો યોજાશે. જામનગરમાં શ્રાવણી લોકમેળો નહીં યોજાવવાની માંગ કરતી અરજી પર ગુજરાત હાઈકોર્ટે સ્ટે લગાવ્યો છે.



દિલ્હીની સમસ્યા સુપ્રીમ કોર્ટે સાંભળી, અહીં ગ્રામીણ જનતા લાચાર

# રાજકોટ જિલ્લાના ૫૯૮ ગામડાંમાં અધધ ૧.૩૫ લાખ શ્વાનોનો આતંક

**ગ્રામ્ય કક્ષાએ આરોગ્ય કેન્દ્રો છે, પણ કૂતરાં કરડે તો ઈન્જેક્શન માટે છેક તાલુકા કે જિલ્લા મથકે ખાવા પડતા ધક્કા : જિ.પં.ના વિપક્ષી નેતાનો આક્રોશ**

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૩ ।

દેશની રાજધાની દિલ્હીમાં શ્વાનોનો આતંક એટલી હદે વધી ગયો છે કે સુપ્રીમ કોર્ટે આદેશ કરવો પડયો છે કે, 'ખૂંખાર કૂતરાંને પકડીને શેલ્ટર હોમમાં કેદ કરી દો.' એ પાટનગરની સમસ્યા સર્વોચ્ચ અદાલતે સાંભળી છે પણ રાજકોટ જિલ્લાની ગ્રામીણ જનતા લાચાર છે. અહીં ૧૧ તાલુકાના ૫૯૮ ગામડાંમાં ૧.૩૫ લાખ શ્વાનોનો આતંક વધતો જ જાય છે, પણ ગ્રામીણ જનતા લાચાર છે.રાજકોટ જિલ્લા પંચાયતનાં વિરોધ પક્ષના નેતા મનસુખભાઈ સાકરીયાએ આજે પશુપાલન નાયબ નિયામક (પંચાયત)ને ફરિયાદ કરીને આક્રોશ ઠાલવ્યો કે, રાજકોટ જિલ્લામાં દિવસે ને રાત્રે ખૂંખાર કૂતરાંનો ત્રાસ વધવા લાગ્યો છે. છેલ્લે ૨૦મી પશુધન વસ્તી ગણતરી અનુસાર રાજકોટ જિલ્લામાં ૬૭,૪૨૨ શ્વાનો હતા, જે સંખ્યા આજે છ વર્ષમાં બમણી વધીને અંદાજે ૧.૩૫ લાખ સુધી પહોંચી ગઈ છે. આજે દરેક ગામમાં અને સીમ-વાડી વિસ્તારમાં મળીને ૨૦૦થી ૨૫૦ જેટલા શ્વાનો છે. જે વારંવાર લોકો પર હુમલા કરીને કરડી જાય છે. જેમાં મોટાભાગે બાળકો અને બાઈક-સ્કૂટરચાલકો નિશાન બને છે. એકલા ચાલ્યા જતાં વૃધ્ધો પણ સલામત નથી. હમણાંની જ વાત કરીએ તો જસદણના રાજાવડલા-ભાડલા ગામે ૧૨ લોકોને હડકાયા શ્વાને બચકાં ભરી લીધા હતા. આ પહેલા પણ અહીં ખૂંખાર શ્વાનોએ ૨૦-૨૫ પશુઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. તેમણે વધુમાં આક્રોશ ઠાલવ્યો છે કે, રાજકોટ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ અને પશુપાલન વિભાગ દ્વારા શ્વાનોની સમસ્યાને ગંભીરતાથી લેવામાં આવતી નથી. થોડા દિવસો પહેલા ભાડલા ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ લોકોને કૂતરૂં કરડયું ત્યારે આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે જતાં હડકવા વિરોધી ઈન્જેક્શન નહોતા એટલે બધા લોકોને જસદણ અને રાજકોટ મોકલી દેવામાં આવ્યા હતા. એવી જ હાલત રાજકોટ જિલ્લાના તમામ ગામડાંની છે. એ તો ઠીક પશુપાલન વિભાગ દ્વારા પણ શ્વાનોને હડકવા કે અન્ય ખરજવા જેવી બિમારી-રોગનું રસીકરણ કરવામાં આવતું નથી, જેથી શ્વાનો વધુ ખૂંખાર બની રહ્યાનો પણ અંતમાં આક્ષેપ કરીને વહેલીતકે યોગ્ય નિરાકરણ લાવવા માંગ કરી છે. દેશની રાજધાની દિલ્હીમાં શ્વાનોનો આતંક એટલી હદે વધી ગયો છે કે સુપ્રીમ કોર્ટે આદેશ કરવો પડયો છે કે, 'ખૂંખાર કૂતરાંને પકડીને શેલ્ટર હોમમાં કેદ કરી દો.' એ પાટનગરની સમસ્યા સર્વોચ્ચ અદાલતે સાંભળી છે પણ રાજકોટ જિલ્લાની ગ્રામીણ જનતા લાચાર છે. અહીં ૧૧ તાલુકાના ૫૯૮ ગામડાંમાં ૧.૩૫ લાખ શ્વાનોનો આતંક વધતો જ જાય છે, પણ ગ્રામીણ જનતા લાચાર છે.રાજકોટ જિલ્લા પંચાયતનાં વિરોધ પક્ષના નેતા મનસુખભાઈ સાકરીયાએ આજે પશુપાલન નાયબ નિયામક (પંચાયત)ને ફરિયાદ કરીને આક્રોશ ઠાલવ્યો કે, રાજકોટ જિલ્લામાં દિવસે ને રાત્રે ખૂંખાર કૂતરાંનો ત્રાસ વધવા લાગ્યો છે.





મુલાકાત દરમિયાન મોદી વડનગરમાં તૈયાર થનારા મલ્ટી મોડલ ટ્રાન્સ્પોર્ટ હબનું ઉદ્ઘાટન કરે તેવું જાણવા મળ્યું

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી ૨૪ અને ૨૫ ઓગસ્ટે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૩ ।

આગામી ૨૪ અને ૨૫ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવે તેવી સંભાવના છે. આ વડનગર અને બેચરાજીની મુલાકાત દરમિયાન તેઓ પોતાના વતન લેશે તેવી જાણકારી ગુજરાત સરકારના સૂત્રો પાસેથી મળી રહી છે. આ મુલાકાત દરમિયાન મોદી વડનગરમાં તૈયાર થનારા મલ્ટી મોડલ ટ્રાન્સ્પોર્ટ હબનું ઉદ્ઘાટન કરે તેવું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બેચરાજી પાસે સુઝુકી મોટર્સના પ્લાન્ટની મુલાકાત લઈને તેઓ અહીં કંપનીના નવા બેટરી સંચાલિત વાહનોના પ્રોડક્શન યુનિટનું ઉદ્ઘાટન પણ કરી શકે છે. ગુજરાત સરકારને વડાપ્રધાન કાર્યાલયમાંથી સત્તાવાર સંપૂર્ણ વિગતવાર કાર્યક્રમ આપવામાં આવ્યો નથી. પરંતુ પ્રારંભિક તબક્કે આ કાર્યક્રમને લઈને કોઈ તૈયારી થઈ શકે છે. ગુજરાતના આ પ્રવાસ દરમિયાન ૨૪ ઓગસ્ટે બપોર બાદ મોદી અમદાવાદ પહોંચીને ગાંધીનગર રાજભવન ખાતે રોકાણ કરશે. અહીં મહાત્મા મંદિરમાં પણ કોઈ જાહેર કાર્યક્રમ યોજાઈ શકે છે. તેઓ રાત્રિ રોકાણ દરમિયાન ગુજરાત સરકાર તેમજ ભાજપના કેટલાક નેતાઓ સાથે બેઠક પણ કરી શકે છે. આગામી ૨૪ અને ૨૫ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવે તેવી સંભાવના છે. આ વડનગર અને બેચરાજીની મુલાકાત દરમિયાન તેઓ પોતાના વતન લેશે તેવી જાણકારી ગુજરાત સરકારના સૂત્રો પાસેથી મળી રહી છે.

## મારા બેંક એકાઉન્ટમાં રૂપિયા ૨ લાખ જમા છે, એક મજાકના કારણે યુવકને મળ્યું દર્દનાક મોત!

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ ।

ચાંગોદરના તાજપુર ગામની સીમમાંથી પસાર થતી રેલ્વે લાઈન નજીકથી ૧૬મી માર્ચના દિવસે મળી આવેલ મૃતદેહના ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસએ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી સંતલાલ ગૌતમ અને મધ્યપ્રદેશના રહેવાસી રોહિતસીંગ ગોડ નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. બંન્ને આરોપીઓએ માત્ર ૨ લાખ રૂપીયા મેળવવાની લાલચમાં આવીને મોહિબુલ ઈસ્લામ નામના યુવકને ગળે ટુંપ ો આપીને હત્યા કરી દીધી હતી. બાદમાં તેની ઓળખ ના થાય તે માટે ટી શર્ટ ચહેરા પર નાંખીને સળગાવી દીધી હતી. જો કે પ ોલીસ તપાસમાં બંન્નેની પોલ ખુલ્લી પડી ગઈ હતી. ઘટના અંગે વાત કરીએ તો ૧૬મી માર્ચએ સળગાવેલી હાલતમાં ચહેરા સાથે એક મૃતદેહ મળી આવ્યો હતો. જો કે યુવકનો ચહેરો સળગી ગયેલ હાલતમાં હોવાથી તેની ઓળખ કરવી પોલીસ માટે મુશ્કેલ બની હતી. પરંતુ પોલીસએ અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. જ્યારે ૧૭મી માર્ચના દિવસે ચાંગોદરમાં આવેલ મેક્સ ગ્રાફિક્સમાં કામ કરતો મોહિબુલ ઈસ્લામની કોઈ ભાળ મળતી ના હોવાની જાણ ચાંગોદર પોલીસને કરવામાં આવી હતી.

## ઉમરેઠના ધુળેટા પાસે બાઈક ખાડામાં પડતાં પત્નીનું મોત

। પ્રતિનિધિ, આણંદ, તા.૧૩ ।

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના ધુળેટા ગામે કેનાલથી આગળ કોટ ચોકડી થઈ જેસાપુરા તરફ જતા રોડ ઉપર પડેલા ખાડામાં બાઈક પડતાં ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેમાં બાઈકચાલક પતિ, પત્ની અને પુત્રી રોડ પર પટકાયા હતા. જેથી પ ત્નીને ગંભીર ઈજાઓ થતાં મોત નીપજ્યું હતું, જ્યારે પિતા-પુત્રીને ઈજા થયાની ફરિયાદ ઉમરેઠ પોલીસમથકમાં નોંધાઈ છે.વડોદરાના ડેસર તાલુકાના જુના સિહોરા ગામે કુવાવાળા ફળીયામાં ૩૦ વર્ષીય અજીતસિંહ ભીમસિંહ પરમાર પ ોતાના પત્ની રંજનબેન, બે વર્ષીય દીકરી પ્રિયાંસી સહિતના પરિવાર સાથે રહે છે. જેઓ ડમ્પર ઉપર ડ્રાઈવીંગ કરી જીવન ગુજરાન ચલાવે છે. સોમવારે અજીતસિંહ પરમાર પોતાના ફળીયામાં રહેતા વિક્રમસિંહ નટવરસિંહ પઢીયારના બાઈક નંબર જીજે-૦૬-ક્યુઆર-૯૫૯૯ની પાછળ પત્ની રંજનબેન અને દીકરી પ્રિયાંશીને બેસાડીને નડિયાદના ચકલાસી ગામે સંબંધીની ખબર જોવા માટે ગયા હતા. સાંજના ચાર વાગ્યાના અરસામાં અજીતસિંહ પરમાર બાઈક ઉપર પત્ની અને પુત્રીને બેસાડી પરત પ ોતાના ગામ સિહોરા જવા નીકળ્યા હતા અને કોટ ચોકડી થઈ જેસાપુરા તરફ જતા હતા. ત્યારે સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં ઉમરેઠ તાલુકાના ધુળેટા ગામ નજીક કેનાલ પર રોડ પર પડેલા ખાડામાં બાઈક પડતા જ બાઈક ચાલક અજીતસિંહ પરમારે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દીધો હતો. જેમાં અજીતસિંહ પરમાર, રંજનબેન તેમજ પુત્રી પ્રિયાંસી રોડ પર પટકાયા હતા. જેમાં પ્રિયાંસી તેમજ અજીતભાઈને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જ્યારે રંજનબેનને માથાની પાછળના ભાગે, મોઢામાં તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવ બનતાં જ આજુબાજુમાંથી લોકો તેમજ જતા આવતા વાહન ચાલકો એકત્ર થઈ ગયા હતા.






## તંત્રી લેખ..

# વધ સુવિધા પર ભાર

કોરોના કાળમા પણ નવી નવી ટેકનોલોજી પર કામ જારી છે. આવનાર દિવસમાં કેટલીક એવી નવી શોધ આવી શકે છે જે લોકો માટે વધુ આરામદાયક અને ઝડપી બની શકે છે. નવી ટેકનોલોજી પર દુનિયાના દેશો કામ કરી રહ્યા છે. વાણિજ્ય પાટનગરથી અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ શરૂ થઇ ગયા બાદ મુંબઈના લોકોને હવે આના કરતા પણ વધુ ઝડપથી દોડનાર હાઈપર લુપની ભેંટ મળનાર છે. મુંબઈ-પુણેને હાઈપરલુપથી જોડવા માટે અમેરિકી કંપની વર્જિન ગ્રુપે મહારાષ્ટ્ર સરકારની સાથે ઈન્ટેન્ટ એગ્રિમેન્ટ ઉપર હસ્તાક્ષર કરી દીધા છે. કંપનીનો દાવો છે કે, આ ટેકનોલોજીથી ૧૦૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી પ્રવાસ કરી શકાશે. મુંબઈ અને પુણે વચ્ચેની યાત્રા માત્ર ૧૩ મિનિટમાં પૂર્ણ કરી શકાશે. મેગ્નેટિક મહારાષ્ટ્ર ઈન્વેસ્ટર સમિટ દરમિયાન થોડાક સમય પહેલા વર્જિન ગ્રુપના ચેરમેન રિચર્ડ બ્રેસનેને કહ્યું હતું કે, મુંબઈ-પુણે વચ્ચે વર્જિન હાઈપરલુપ તૈયાર કરવા માટે મહારાષ્ટ્ર સરકારની સાથે એક સમજૂતિ કરવામાં આવી છે. આની શરૂઆત એક ઓપરેશન ડેમોન્ટેશન ટ્રેકની સાથે કરવામાં આવી ચુકી છે. આનાથી દર વર્ષે ૧૫ કરોડ યાત્રી મુસાફરી કરી શકશે. નવેમ્બર ૨૦૧૮માં મહારાષ્ટ્ર સરકારે આ રુટ ઉપર સર્વે માટે કંપની સાથે એક કરાર કર્યો હતો. રિચર્ડ બ્રેસનને કહ્યું હતુ કે સૂચિત હાઈપરલુપ ટ્રાન્સપોર્ટેશન પરિવહન સિસ્ટમ પરિવહનની દુનિયાને બદલી દેશે અને મુંબઈને દુનિયામાં અગ્રણી બનાવશે. આ પ્રોજેક્ટનો આર્થિક સામાજિક લાખ ૫૫ અબજ ડોલર છે. આનાથી હજારો લોકોને રોજગારી પણ મળશે. પ્રોજેક્ટની કિંમત અને ટાઈમલાઈનની વિગતો હજુ જાહેર કરવામા આવી નથી. આ પહેલા આંધ્રપ્રદેશ સરકાર વિજયવાડા અને અમરાવતી વચ્ચે હાઈપરલુપથી જોડવા માટે અમેરિકી કંપની હાઈપરલુપ ટ્રાન્સપોર્ટેશન ટેકનોલોજી સાથે કરાર કર્યા હતા. બંને શહેરો વચ્ચેની એક કલાકની યાત્રા ઘટીને માત્ર પાંચથી છ મિનિટ થઇ જશે. હાલના સમયમાં સંયુક્ત અરબ અમિરાત, અમેરિકા, કેનેડા અને નેધરલેન્ડમાં પણ હાઈપર લુપ ઉપર કામ ચાલી રહ્યું ચે. અમદાવાદ અને મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવાની હિલચાલ ચાલી રહી છે ત્યારે આગામી દિવસોમાં મુંબઈ અને પુણે વચ્ચે હવે હાઈપર લુપને લઈને પણ તૈયારી શરૂ કરાઈ છે. પરિવહનના ક્ષેત્રમાં આના લીધે ક્રાંતિ આવશે. વિશ્વના અન્ય દેશો પણ આ દિશામાં સતત સક્રિય થઇ રહ્યા છે. જંગી પ્રોજેક્ટ ખર્ચ આના ઉપર રહેશે. બુલેટ ટ્રેન કરતા પણ બે ગણી ઝડપથી હાઈપરલુપમાં મુસાફરી કરી શકાશે. હાઈપરલુપ ટેસ્લાના સ્થાપક એલન મસ્કની શોધ છે. એલન મસ્કે વર્ષ ૨૦૧૩માં એક વ્હાઈટ પેપરના રુપમાં હાઈપરલુપની બેઝિક ડિઝાઈનથી દુનિયાને વાકેફ કરીને ચોંકાવી દીધા હતા. હાઈપરલૂપ એક ટ્યુબ ટ્રાન્સપોર્ટ ટેકનોલોજી છે. આ હેઠળ થાંભલાના ઉપર એલિવેટેડ ટ્યુબ બિછાવવામાં આવે છે જેની અંદર બુલેટટ્રેન જેવી લાંબી સિંગલ બોડી હવામાં તરતી ટ્રેન જેવી ગાડી હોય છેતે આમા સિંગલ બોગી સાથે હવામા તરીને દોડે છે.

# જીવનસાથીને ખુશ રાખવાથી લાભ

હાલમાં જ કરવામાં આવેલા વ્યાપક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જીવનસાથી અથવા તો લાઈફ પાર્ટનરને ખુશ રાખીને મોટી વય સુધી જીવિત રહેવાની તક મળી શકે છે. જીવનસાથીને ખુશ રાખવાથી હેપ્પી હાર્મોનમાં વધારો થયા છે. સાથે સાથે વયમાં પણ વધારો થાય છે. રિસર્ચમાં પણ આ બાબતની સાબિતી મળી ગઈ છે કે જીવનમાં સ્વસ્થ રહેવા માટે ખુશ રહેવાની બાબત ઉપયોગી છે. સાથે સાથે જેની સૌથી વધારે નજીક રહીએ છીએ તેને ખુશ રાખવા માટે સારા આરોગ્યની જરૂર હોય છે. અભ્યાસમાં પણ કેટલીક બાબતો સાબિત થઈ ગઈ છે. ટેન્શનના કારણે ખુશી આપનાર હાર્મોનમાં કમી થાય છે. આના માટે ખુશ રહેવાની બાબત જરૂરી છે. આના કારણે સારા આરોગ્યની સાથે સાથે સફળતા માટેની સંભાવના પણ વધી જાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે લાંબી વયની ઈચ્છા ધરાવનાર લોકોએ જીવનસાથીને ખુશ રાખવાની જરૂર હોય છે. સાયકોલોજિકલ પત્રિકામાં આ અંગેની વાત કરવામા આવી છે. નેધરલેન્ડની ટિલબુર્ગ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકામાં ૫૦ વર્ષના ૪૪૦૦ દપત્તિઓને આવરી લઈને અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. શરૂના આઠ વર્ષ બાદ આશરે ૧૬ ટકા પ્રતિભાગીઓના મોત થઈ ગયા હતા. જે લોકોના મોત થયા હતા તે પૈકી જીવિત પ્રતિભાગીની તુલનામાં ઓચા શિક્ષિત, ઓછા અમીર, શારરિક રીતે ઓછા સક્રિય લોકો હતા. તેમના જીવનસાથી પણ જીવનથી ઓછા સંતુષ્ટ હતા. રિસર્ચ-બેમાં કહેવામાં આવ્યુ છે કે ખુશ રહેનાર લોકોના હાર્ટ સામાન્ય કરતા વધારે સ્વસ્થ રહે છે. આ અભ્યાસની કામગીરી ૨૮૭૩ મહિલા અને પુરૂષોને આવરી લઈને કરવામાં આવ્યા છે. ખુશ રહેવાથી તેના પોઝિટીવ વાઈબ્સના કારણે બીજા પાર્ટનરમાં સિરોટોનિન હાર્મોનનુ સ્ત્રાવ વધી જાય છે. આના કારણે તેને ખુશી પણ મળે છે. સાથે સાથે શરીરમાં ફ્રી રેડિકલ્સ જમા થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સારી સેક્સ લાઈફ આયુષ્યને વધારવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અમેરિકાના વય વિરોધી નિષ્ણાંત ડૉક્ટર ઈરીક બ્રેવરમેને તેમના નવા પુસ્તક યંગર (સેક્સીયર) યુમાં ઘણી બાબતોનો ઉલ્લેખ કર્યો છે. જેમાં જણાવ્યું છે કે સારી સેક્સ લાઈફ માત્ર આયુષ્યને જ વધારવામાં ઉપયોગી નથી બલ્કે વધુ યુવા દેખાવામાં તથા ખુશખુશાલ અનુભવ કરવામાં પણ મહત્વની ભૂમિકા અદા કરે છે.



### સંસ્થાઓને અપાતા ફંડના મામલે ફરી ધ્યાન આપવામાં આવે...

**પહેલા આ શ્રેણી રાખવામાં આવી ન હતી રેન્કિંગમાં સામેલ રહેલી સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે આ સંખ્યા હવે વધીને ૪૫૦૦ કરતા ઉપર પહોંચી ગઇ છે દરમિયાન ભારત સરકારે સ્પષ્ટતા કરી છે**

# શિક્ષણ સંસ્થાઓને વધુ ફંડ જરૂરી

**મોટા ભાગની ભારતીય શિક્ષણ સંસ્થાઓ મધ્યમ સ્તરની છે જેથી સ્થિતીને વધારે સારી બનાવવા માટે ધ્યાન કેન્દ્રિત કરાય તે સમયની માંગ**

થોડાક સપ્તાહ પહેલા જ નેશનલ ઈન્સ્ટીટ્યુટ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ) તરફથી ભારતીય કોલેજ અને યુનિવર્સિટીના રેન્કિંગ જારી કરવામાં આવ્યા છે. રેન્કિંગમાં છેલ્લા વર્ષોની તુલનામાં કેટલાક સુધારા જોવામાં આવ્યા છે. જેમ કે લો અને આર્કિટેકચર જેવી જુદી જુદી સંસ્થાઓ માટે શ્રેણી વધારી દેવામાં આવી છે. પહેલા આ શ્રેણી રાખવામાં આવી ન હતી. રેન્કિંગમાં સામેલ રહેલી સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે. આ સંખ્યા હવે વધીને ૪૫૦૦ કરતા ઉપર પહોંચી ગઈ છે. દરમિયાન ભારત સરકારે સ્પષ્ટતા કરી છે કે દરેક પરિસ્થિતીમાં તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના રેન્કિંગમાં સામેલ થવાની બાબત જરૂરી છે.



જે સરકારી સંસ્થાઓ આમાં સામેલ થશે નહીં તેમને મળનાર ફંડમાં કાપ મુકવામાં આવશે. માનવામાં આવે છે કે તમામ સરકારી સંસ્થાઓ આ રેન્કિંગમાં સ્વય સામેલ થશે. હાલના વર્ષોમાં રેન્કિંગ જારી કરવામાં આવી છે. તેમા દેશની આઠ જુદી જુદી સંસ્થાઓસામેલ રહી છે. જુદા જુદા પ્રકારની શિક્ષણ સંસ્થાનો તેમાં સમાવેશ કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. જેમના રેન્કિંગ ખાસ શ્રેણીમાં રાખવામાં આવ્યા છે તેમાં યુનિવર્સિટી, એન્જિનિયરિગ, મેડિકલ, ફાર્મસી, મેનેજમેન્ટ, આર્કિટેકચર, લો અને અન્ય કોલેજ સામેલ છે. એક નવમી શ્રેણી પણ છે. જેમાં તમામ સંસ્થાઓના રેન્કિંગ એક સાથે કરવામાં આવ્યા છે.

ગોવા આંતરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી નક્કર પણે માને છે કે ભારતમાં મોટા ભાગની શિક્ષણ સંસ્થાઓ મધ્યમ સ્તરની રહેલી છે અને મોટા ભાગના વિદ્યાર્થીઓ આ શિક્ષણ સંસ્થાઓમાં જ અભ્યાસ કરી રહ્યા છે. ૬૫ ટકાથી વધારે વિદ્યાર્થીઓ આ જ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરવા માટે મજબુર છે. ૬૭ ટકાથી વધારે વિદ્યાર્થીઓ ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે. જો મોટા ભાગે ખુબ મોંઘી શિક્ષણ સંસ્થાઓ હોય છે. બાકીના તમામ વિદ્યાર્થીઓ તો સરકારી સંસ્થાઓમાં જ અભ્યાસ કરે છે. જ્યાં કુલ સંશાધનો અને બૌદ્ધિક ક્ષમતાનો અભાવ રહે છે. દેશમાં શેક્ષણિક સંસ્થાઓના દેખાવની વાત કરવામાં આવે તો ગણતરીની શિક્ષણ સંસ્થાઓ જ નાણાંકીય આધાર પર રાષ્ટ્રીય રેન્કિંગમાં સામેલ થવા માટે યોગ્યતા ધરાવે છે. જેમાં મોટા ભાગની શેક્ષણિક સંસ્થાઓ કેન્દ્રના ફંડ મેળવનાર હોય છે. કેટલીક ખાનગી સંસ્થાઓ પણ સામેલ હોય છે. આવી સ્થિતીમાં સરકારને ધ્યાન આપવુ જોઈએ કે એનઆઈઆરએફમાં સામેલ ન થનારી સંસ્થાને ફંડમાં કાપ મુકવાની ચેતવણી આપવાના બદલે તેમની નાણાંકીય સ્થિતી પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે. સરકારી સંસ્થાઓ માચે બજેટ ફાળવણી પર વધારે ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવે તે જરૂરી છે. જાણકાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે રેન્કિંગમાં સામેલ કરવામાં આવેલી શિક્ષણ સંસ્થાઓને આપવામાં આવેલા પોઈન્ટની સાર્થકતા એ વખતે જ છે જ્યારે ટોપ પર રહેલી બારતીય સંસ્થાઓના પોઈન્ટની તુલના આંતરરાષ્ટ્રીય રેન્કિંગના આધાર પર કરવામાં આવે. વર્ષ ૨૦૧૬ અને વર્ષ ૨૦૧૭ની જેમ જ આ વખતે પણ જારી કરવામાં આવેલા રેન્કિંગના મામલે તીખી પ્રતિક્રિયા સપાટી પર આવી છે. એક સમીક્ષક પોતાના બ્લોગમાં લખે છે કે માત્ર ૧૫ યુનિવર્સિટી અથવા તો આ શિક્ષણ સંસ્થાઓ એવી છે જેમને નવ શ્રેણીમાં ૧૦૦માંથી ૭૫ અથવા તો વધારે પોઈન્ટ મળ્યા છે. ટોપની ૧૦૦ સંસ્થાઓને ૧૦૦માંથી ૬૦ પોઈન્ટ જ મળ્યા છે. આ આંકડાને લઈને પણ ચર્ચા છે. ટુંકમાં કહી શકાય છે કે ભારતમાં રહેલી શૈક્ષણિક સંસ્થાઓને વધારે પ્રમાણમાં જરૂરી ફંડ મળે તે જરૂરી છે. સારા ફંડ મળશે તો જ તેમની સ્થિતી નાણાંકીય રીતે મજબુત બનતા જરૂરી સંશાધનો ઉભા કરી શકાશે. ભારતમાં શૈક્ષણિક સંસ્થાઓની સ્થિતીને સુધારી દેવા માટે અનેક પ્રકારની પહેલ કરવામાં આવી રહી છે. શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે.



### હાલના દિવસોમાં ખાવા પીવાને લઇને નવી ડાઇટ લોકપ્રિય થઇ

**ગ્લુકોજ અને પ્રોટીનનુ પ્રમાણ પુરતા પ્રમાણમાં ન હોવાના કારણે શરીર કિટોસીસ પ્રક્રિયા શરૂ કરે છે જેમાં બોડીમાં રહેલા ફેટ ઓગળીને એનર્જીમાં ફેરવાઇ જવાની શરૂઆત થાય છે**

# કિટો ડાઇટ વજન ઘટાડવામાં ઉપયોગી

**કિટો ડાઇટ હમેંશા નિષ્ણાંતોની દેખરેખ હેઠળ શરૂ કરવાની જરૂર હોય છે : થોડાક દિવસમાં જ અસર દેખાવવા લાગી જાય છે**

હાલના દિવસોમાં ખાવા પીવાને લઈને એક નવી ડાઈટ ખુબ જ લોકપ્રિય થઈ રહી છે. આ લોકપ્રિય થઈ રહેલી ડાઈટનુ નામ કિટો ડાઈટ છે. જો ઓછા સમયમાં વજન ઉતારી દેવાન ઈચ્છા છે તો તેનો ઉપયોગ કરી શકાય છે. આને રૂટીનમાં સામેલ કરીને વજનને ઉતારી શકાય છે. આ ડાઈટની ખાસ બાબત એ છે કે તેમા હાઈ ફેટ આપવામાં આવે છે. સાથે સાથે કાર્બોહાઈડ્રેટનુ પ્રમાણ ઓછુ રાખવામાં આવે છે. ડાઈટ હેઠળ બોડીમાં વર્તમાન કાર્બોહાઈડ્રેટના બદલે ચરબીને તોડીને શરીર તેનો ઉપયોગ ઉર્જા માટે કરે છે. ભારતમાં આ ડાઈટને લઈને લોકોનો ક્રેઝ હવે ઝડપથી વધી રહ્યો છે.



બીજી બાજુ વિદેશમાં તો આ પ્રકારની ડાઈટને વધારે પહેલાથી જ પાળવામાં આવે છે. આ ડાઈટના સંબંધમાં ભારતીય લોકો પાસે હાલમાં ઓછી માહિતી છે. આ ડાઈટના સંબંધમાં જાણવા માટે કેટલીક બાબત રહેલી છે. સૌથી પહેલા તો પ્રશ્ન એ થાય છે કે કિટો ડાઈટ છે શુ તો આનો જવાબ છે કે આ ડાઈટમાં હાઈ ફેટ ડાઈટ આપવામાં આવે છે. કાર્બોહાઈડ્રેટનુ પ્રમાણ ખુબ ઓછુ રાખવામાં આવે છે. આ ડાઈટ અમારા શરીરને હમેંશા કામ કરવા માટેની તાકાત આપે છે. એવુ ત્યારે થાય છે જ્યારે આપ એક દિવસમાં ૩૦ ગ્રામ કરતા પણ ઓછા પ્રમાણમાં કાર્બોહાઈડ્રેટનો ઉપયોગ કરો છો. આ ડાઈટમાં કાર્બોહાઈડ્રેટનુ પ્રમાણ ઓછુ હોવાથી બોડી ફેટના કારણે મળનાર એનર્જી દ્વારા તે કામ કરે છે. અહીં સુધી કે બ્રેઈન પણ પોતાનુ કામ આ જ એનર્જી સાથે ચલાવે છે. આ ડાઈટમાં કાર્બોહાઈડ્રેટ તો નહીં ના બરોબર હોય છે. સાથે સાથે શુગરનુ પ્રમાણ પણ પાંચ ટકા કરતા વધારે રાખવામાં આવતુ નથી. આમાં હાઈ ફેટ, નોર્મલ, પ્રોટીન અને ઓછા પ્રમાણમાં કાર્બોહાઈડ્રેટ લેવામાં આવે છે. અમેરિકા દેવા વિકસિત દેશમાં આ ડાઈટ ખુબ જ લોકપ્રિય છે. પરંતુ ભારત જેવા દેશોમાં આ ડાઈટ શરૂઆતી તબક્કામાં છે. આને ફોલો કરતા પહેલા પોતાની તબીબી ચકાસણી કરી લેવામાં આવે તે જરૂરી છે. આવી સ્થિતીમાં કોઈ ડાયટિશિયનની મદદ લેવામાં આવી શકે છે. કિટો ડાઈટના ભાગરૂપે એવા ભોજનનો ઉપયોગ કરવામાં આવે છે જેમાં ૭૦-૮૦ ટકા ફેટ, ૧૦-૨૦ ટકા પ્રોટીન અને માત્ર પાંચ ટકા કાર્બ હોય છે. આને શરૂ કરવામાં આવ્યા બાદથી ચારથી પાંચ દિવસના ગાળામાં જ બોડી કિટોસિસ પર જાય છે. જેના કારણે ભુખ બિલકુલ ઓછી થઈ જાય છે. ગ્લુકોજ અને પ્રોટીનનુ પ્રમાણ પુરતા પ્રમાણમાં ન હોવાના કારણે શરીર કિટોસીસ પ્રક્રિયા શરૂ કરે છે. જેમાં બોડીમાં રહેલા ફેટ ઓગળીને એનર્જીમાં ફેરવાઈ જવાની શરૂઆત થાય છે. આની ખાસ બાબત એ છે કે ઓછા ભોજનનો ઉપયોગ કરવામાં આવે છે છતાં પણ બોડી મસલ્સ પર અસર થતી નથી. ડાઈટમાં કેટલીક ચીજોને સામેલ કરવા માટે કહેવામાં આવે છે. જેમાં સી-ફુડનો સમાવેશ થાય છે. સાલ્મન અને અન્ય માછળીમાં વિટામિન, પોટેશિયમ અને સેલેનિયમ જેવા તત્વો ખુબ પુરતા પ્રમાણમાં રહે છે. જેમાં કાર્બ મળે છે. કેટલીક એવી શાકભાજી છે જેમાં સ્ટાર્ચનુ પ્રમાણ હોતુ નથી.સાથે સાથે કેલોરીઝ અને કાર્બોહાઈડ્રેટનુ પ્રમાણ પણ ઓછુ રહે છે. ડાઈટમાં આને સામેલ કરવામાં આવી શકે છે. બ્રાકલી, પત્તાગોભી અને ફુલાવરને ડાઈટમાં સામેલ કરવામાં આવી શકે છે. ચીજને સામેલ કરવામાં આવી શકે છે. ચીજમાં કાર્બ મોટા પાયે હોય છે. ફેટનુ પ્રમાણ પણ વધારે હોય છે. ૨૮ ગ્રામ શેડર ચીજમાં એક ગ્રામ કાર્બ અને સાત ગ્રામ પ્રોટીન હોય છે. કિટો ડાઈટ નિષ્ણાંતોની બાજ નજર હેઠળ આ પ્રક્રિયા શરૂ કરવી જોઈએ. નિષ્ણાંતોની જરૂર એટલા માટે પડે છે કે આ ડાઈટને શરૂ કરતા પહેલાબે ત્રણ દિવસ પહેલા જ આપની નોર્મલ ડાઈટમાં ફેરફાર કરવાની જરૂર હોય છે. એક વખતે આપની બોડી આને માટે તૈયાર થઈ જાય ત્યારે આપને નિષ્ણાંતોની જરૂર પડશે નહી. ત્યારબાદ તો રૂટીનમાં તમામ કામગીરી ચાલતી રહેશે. બોડીને કિટોસિસ પર જવા માટે ચારતી પાંચ દિવસનો સમય લાગે છે આવુ બની શકે છે કે આના કારણે થાક લાગે. પરંતુ એક વખતે બોડી આ ડાઈટમાં જતી રહ્યા બાદ વ્યક્તિ સવારથી સાંજ સુધી એનર્જીમાં હોય તેમ અનુભવ કરે છે. આ ડાઈટ આપને ઓવરઓલ ગ્લો પ્રદાન કરે છે. સાથે સાથે વાળ અને સ્કીનમાં ચમક આવે છે. કોલેસ્ટ્રોલ અને બ્લડપ્રેશર યોગ્ય અને આદર્શ સ્થિતીમાં રહે છે. વધારે ભુખ લાગતી નથી. સાથે સાથે એકાગ્રતામાં પણ જોરદાર રીતે વધારો થાય છે. આ તમામ બાબતો કિટો ડાઈટના કારણે શક્ય છે. અમેરિકાની સાથે સાથે ભારતમાં પણ હવે કિટો ડાઈટની બોલબાલા દેખાઈ રહી છે. .

### ભાજપનો દિલ્હી સરકાર પર આરોપ રહેતો હતો કે રાજ્ય સરકાર તેના ફંડને રોકી રહી છે

# દિલ્હીમાં આમ આદમી પાર્ટીની જીતમાં પાર્ટીના સ્થાનિક નેતાઓનું પણ ઘણું યોગદાન રહ્યું

અત્યાર સુધી કેજરીવાલ સરકારનો ભાજપ શાસિત દિલ્હી નગર નિગમ પર એવો આરોપ રહેતો હતો કે તે યોગ્ય કામ નથી કરતું અને ભ્રષ્ટાચારની બોલબાલા છે, જ્યારે ભાજપનો દિલ્હી સરકાર પર આરોપ રહેતો હતો કે રાજ્ય સરકાર તેના ફંડને રોકી રહી છે. પરંતુ હવે દિલ્હી નગર નિગમ ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી બહુમતી મેળવીને વિજેતા બની ગઈ છે તેની સાથે જ રાજધાની પર આમ આદમી પાર્ટીનો સંપૂર્ણ કબ્જો થઈ ગયો છે. હવે મુખ્યમંત્રી ઉપરાંત મેયર પણ લગભગ આમ આદમી પાર્ટીનો જ બનશે. તે ઉપરાંત દિલ્હીની ત્રણેય રાજ્યસભા સાંસદ પણ આમ આદમી પાર્ટીના છે. માત્ર દસ વર્ષ જૂની રાજકીય પાર્ટીનું આટલું મોટું રાજકીય વજૂદ એક મોટી સફળતા ગણી શકાય. દિલ્હીની આ જીત સાથે જ હવે આમ આદમી પાર્ટીનું પ્રભુત્વ રાષ્ટ્રીય સ્તર પર પણ વધવું સ્વાભાવિક છે.

પરંતુ આ જીતની સાથે જ આમ આદમી પાર્ટીના પડકારો પણ વધવાના છે, કારણ કે અત્યાર સુધી કેજરીવાલ સરકારનો ભાજપ શાસિત દિલ્હી નગર નિગમ પર એવો આરોપ રહેતો હતો કે તે યોગ્ય કામ નથી કરતું અને ભ્રષ્ટાચારની બોલબાલા છે, જ્યારે ભાજપનો દિલ્હી સરકાર પર આરોપ રહેતો હતો કે રાજ્ય સરકાર તેના ફંડને રોકી રહી છે અને સહયોગ નથી આપતી. પરંતુ હવે જ્યારે રાજ્ય અને નિગમની સત્તામાં આમ આદમી પાર્ટી હશે તો આરોપ-પ્રત્યારોપનું આ રાજકારણ ખતમ થઈ જશે. હવે આમ આદમી પાર્ટીએ પોતાના વાયદા પર ખરા ઉતરીને બતાવવું પડશે. કારણ કે હાલમાં તો દિલ્હી દુનિયાની સૌથી પ્રદૂષિત રાજધાની છે અને અહીંની મુખ્ય નદી યમુનામાં પણ ગંદકીની ભરમાર છે.

જ્યાં સુધી દિલ્હી નગર નિગમ ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીની જીતની વાત છે તો માની શકાય કે મફત વીજળી અને પાણી આપવાની રેવડી કામ કરી ગઈ છે. ક્ષેત્રવાર પરિણામો દર્શાવી રહ્યાં છે કે એવા વિસ્તારો જ્યાં નિમ્ન વર્ગના લોકો વધુ રહે છે, એ વિસ્તારોમાં આમ આદમી પાર્ટીને વધારે વોટ મળ્યા છે. તે ઉપરાંત મુસ્લિમ આબાદીની બહુમતી ધરાવતા વિસ્તારોમાં પણ આમ આદમી પાર્ટીને ભારે સંખ્યામાં વોટ મળ્યા છે. દિલ્હી રમખાણો અને સીએએ વિરુદ્ધ ચાલેલા આંદોલન બાદ રાજધાનીમાં આ પહેલી ચૂંટણી હતી અને તેમાં મુસ્લિમોએ ખુલીને આમ આદમી પાર્ટીને વોટ આપ્યા છે. તે ઉપરાંત આમ આદમી પાર્ટી વિરુદ્ધ ભાજપે ભ્રષ્ટાચારના જે આરોપો લગાવ્યા હતા તે પણ આ ચૂંટણીઓમાં અસર નથી દેખાડી શક્યા. ઉલ્લેખનીય છે કે મનીષ સિસોદિયાને શરાબ કૌભાંડ મામલે બહુ ઘેરવામાં આવ્યા હતા, જ્યારે જેલમાં બંધ દિલ્હીના મંત્રી સત્યેન્દ્ર જૈનના રોજિંદા નવા નવા વીડિયો જારી કરીને આરોપ લગાવવામાં આવ્યા હતા કે દિલ્હી સરકાર સત્તાનો દુરુપયોગ કરી રહી છે અને સત્યેન્દ્ર જૈન જેલમાં બેઠા બેઠા દરબાર લગાવી રહ્યા છે. એટલું જ નહીં, મહાઠગ સુકેશ ચંદ્રશેખરે પણ દિલ્હીના ઉપરાજ્યપાલને કેટલાય પત્ર લખીને કેજરીવાલ સરકાર અને આમ આદમી પાર્ટી પર કેટલાય ગંભીર આરોપ લગાવ્યા હતા. દિલ્હીમાં આમ આદમી પાર્ટીની જીતમાં પાર્ટીના સ્થાનિક નેતાઓનું પણ ઘણું યોગદાન રહ્યું, કારણ કે અરવિંદ કેજરીવાલ તો મોટાભાગનો સમય ગુજરાતમાં ચૂંટણી પ્રચારમાં સક્રિય હતા. મનીષ સિસોદિયા, અન્ય મંત્રીઓ તથા પાર્ટીના ધારાસભ્યો અને અન્ય રાજ્યોથી આવેલા કાર્યકર્તાઓએ દિલ્હીમાં ચૂંટણીની વ્યવસ્થા સંભાળી. દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ ‘કેજરીવાલની સરકાર અને કેજરીવાલના પાર્ષદ’નો નારો આપ્યો હતો, જે કામ કરી ગયો છે. તે ઉપરાંત મતદાનથી ઠીક પહેલાં કેજરીવાલે દિલ્હીની તમામ આરડબ્લ્યુએને મિની પાર્ષદનો દરજ્જો આપવાનો જે વાયદો કર્યો હતો તેણે પણ અસર દેખાડી છે. જોકે આમ આદમી પાર્ટી માટે નિગમ ચલાવવું એટલું આસાન નહીં હોય, કારણ કે ભાજપના પણ પાર્ષદ મોટી સંખ્યામાં જીતીને આવ્યા છે. હાલમાં નગર નિગમ ચૂંટણી જીત્યા બાદ આમ આદમી પાર્ટીને ચૂંટણી રાહત એટલા માટે છે, કારણ કે હવે દિલ્હીમાં ૨૦૨૪માં ત્યારે ચૂંટણી થશે જ્યારે દેશમાં લોકસભા ચૂંટણીઓ થવાની છે.

તેની સાથે જ આમ આદમી પાર્ટી માટે ૨૦૨૨ રાજકીય રૂપે ઘણું સારું કહી શકાય છે, કારણકે આ વર્ષની શરૂઆતમાં તેણે પંજાબમાં થયેલ વિધાનસભા ચૂંટણીઓ જીતીને પોતાની સરકાર બનાવી, ગોવા વિધાનસભામાં આમ આદમી પાર્ટીનું ખાતું ખૂલ્યું, હવે દિલ્હી નગર નિગમ ચૂંટણીઓમાં પાર્ટીએ ભાજપના ૧૫ વર્ષ જૂના શાસનને ઉખાડી ફેંક્યું છે. જોવાનું એ રહેશે કે ગુજરાતમાં પાર્ટીનું પ્રદર્શન કેવું રહે છે. જોકે ત્યાં પહેલી વાર ચૂંટણી યુદ્ધમાં ઉતરેલી આમ આદમી પાર્ટીને ૧૦ ટકાથી વધારે મત મળવાનું અનુમાન વિભિન્ન એક્ઝિટ પોલ્સમાં વ્યક્ત કરવામાં આવ્યું છે. આ રીતે આમ આદમી પાર્ટીએ વર્ષની શરૂઆત પણ જીત સાથે કરી હતી અને વર્ષના અંતમાં પણ જીત તેના જ ભાગ્યમાં આવી છે. એકંદરે આ જીત સાથે જ આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ ભારતીય રાજકારણમાં પોતાનું કદ વધુને વધુ મજબૂત કરવામાં સફળ રહ્યા છે. તેઓ વારંવાર એ સાબિત કરી ચૂક્યા છે કે ભાજપ અને કોંગ્રેસનો કોઈ મુકાબલો કરી શકે તેમ હોય તો તે આમ આદમી પાર્ટી જ છે. આમ આદમી પાર્ટી આ વર્ષે પંજાબ વિધાનસભા ચૂંટણીઓમાં કોંગ્રેસ પાસેથી સત્તા છીનવી ચૂકી છે. દિલ્હીની સત્તા પણ તેણે કોંગ્રેસ પાસેથી જ છીનવી હતી. આમ આદમી પાર્ટીના કેટલાય નેતાઓ એવો દાવો કરી ચૂક્યા છે કે ૨૦૨૪માં થનારી લોકસભા ચૂંટણી મોદી વિરુદ્ધ કેજરીવાલ રહેશે. કોંગ્રેસ તો જોકે ઘણી કમજોર થઈ ગઈ છે અને એટલે જ લોકસભા ચૂંટણીઓમાં ભાજપનો મુકાબલો કરવા માટે આમ આદમી પાર્ટી દેશભરમાં ખુદને તૈયાર કરી રહી છે. કેજરીવાલ ઉપરાંત તૃણમૂલ કોંગ્રેસ સુપ્રીમો મમતા બેનર્જી, તેલંગણાના મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવ વગેરે જેવા કેટલાય નેતા પણ વડાપ્રધાન પદની ઉમેદવારીની દોડમાં છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# ભારત ઉપરાંત, ૪ દેશો પણ ૧૫ ઓગસ્ટે સ્વતંત્રતા દિવસ ઉજવે છે

। નવીદિલ્હી, તા.૧૩ ।

૧૫ ઓગસ્ટ આવતાની સાથે જ સમગ્ર દેશનું વાતાવરણ દેશભક્તિથી ભરેલું જોવા મળે છે. આ દિવસે ભારતને બ્રિટિશ શાસનથી આઝાદી મળી હતી. પરંતુ શું તમે જાણો છો કે ૧૫ ઓગસ્ટ એ ફક્ત ભારતનો સ્વતંત્રતા દિવસ નથી પણ બીજા ૪ દેશો છે જેમનો સ્વતંત્રતા દિવસ પણ ૧૫ ઓગસ્ટે જ છે.

લિક્ટેનસ્ટેઈનઃ લિક્ટેનસ્ટેઈનને પણ ૧૮૬૬માં ૧૫ ઓગસ્ટે આઝાદી મળી હતી. તે યુરોપનો એક નાનો દેશ હતો પરંતુ જર્મન યુનિયનથી અલગ થયા પછી તેને આઝાદી મળી.,દક્ષિણ કોરિયાઃ દક્ષિણ કોરિયાને ૧૯૪૫માં ૧૫ ઓગસ્ટે આઝાદી મળી હતી. બીજા વિશ્વયુદ્ધના અંતે જ્યારે જાપાનનો ૫રાજય થયો ત્યારે કોરિયા જાપાની શાસનમાંથી મુક્ત થયું હતું. અગાઉ, ૧૯૧૦ થી ૧૯૪૫ સુધી, કોરિયા જાપાની શાસન હેઠળ હતું. બાદમાં, જ્યારે જાપાને શરણાગતિ સ્વીકારી, ત્યારે કોરિયાને પણ આઝાદી મળી. આ પછી, કોરિયા ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયામાં વિભાજિત થયું.,કોંગોઃ કોંગો, જે એક આફ્રિકન દેશ હતો, તેને ૧૯૬૦માં ૧૫ ઓગસ્ટે આઝાદી મળી હતી. તે ફ્રાન્સથી મુક્ત થયો હતો. આઝાદી પછી, તેનું નામ કોંગો રિપબ્લિક રાખવામાં આવ્યું. આ દિવસ "કોંગોલીઝ રાષ્ટ્રીય દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.,બહેરીનઃ બહેરીનને પણ ૧૫ ઓગસ્ટ ૧૯૭૧ ના રોજ આઝાદી મળી હતી. તે બ્રિટનથી આઝાદ થયું હતું. બહેરીનને એક કરાર હેઠળ બ્રિટનથી આઝાદી મળી હતી.

૧૦-૧૫ વર્ષ જૂના વાહનોના માલિકોને રાહત આપતો સુપ્રીમનો નિર્દેશ

# દિલ્હી-એનસીઆરમાં જૂના વાહનો સામે દંડાત્મક કાર્યવાહી નહીં : સુપ્રીમ કોર્ટ

## સુપ્રીમ કોર્ટે દિલ્હી તથા એનસીઆરમાં ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનોને દોડાવવા પર પ્રતિબંધ મૂકવાના આદેશ પર સ્ટે આપ્યો છે

। નવી દિલ્હી, તા.૧૩ ।

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં જૂના પેટ્રોલ-ડીઝલ વાહનો પર પ્રતિબંધના મામલે વાહન માલિકોને રાહત આપી છે. પ્રતિબંધને પડકારતી દિલ્હી સરકારની અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરતા કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (સીએક્યુએમ)ને ચાર સપ્તાહમાં જવાબ રજૂ કરવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે હાલમાં જૂના વાહનોના માલિકો સામે દંડાત્મક કાર્યવાહી નહીં કરવા સત્તાવાળોઓને આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી તથા એનસીઆરમાં ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનોને દોડાવવા પર પ્રતિબંધ મૂકવાના આદેશ પર સ્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના નિર્દેશના સમર્થનમાં ૨૯ ઓક્ટોબર ૨૦૧૮ના આદેશને પરત ખેંચવાની દિલ્હી સરકારની અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી. મંગળવારે



સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બી આર ગવઈ, જસ્ટિસ કે વિનોદ ચંદ્રન અને જસ્ટિસ એન વી અંજારિયાની ખંડપીઠે દિલ્હી-એનસીઆરમાં જૂના વાહનોનાં માલિકો સામે દંડાત્મક કાર્યવાહી નહીં કરવા આદેશ કર્યો હતો. દિલ્હી સરકાર વતી સોલિસિટર તુષાર મહેતાએ આ મામલે વિચારની જરૂર હોવાની દલીલ રજૂ કરી હતી. તેમણે જણાવ્યું કે, કેટલાક લોકો તેમના વાહનોનો માત્ર ઘરથી ઓફિસ સુધી દૈનિક મર્યાદિત ઉપયોગ કરે છે. આવા કિસ્સમાં કોઈ વાહન ૧૦ વર્ષમાં માંડ બે હજાર કિલોમીટર જ ચાલે છે. પરંતુ પ્રવર્તમાન નિયમ અંતર્ગત પ્રતિબંધને લીધે ૧૦ વર્ષ જૂના વાહનનું વેચાણ કરવું પડે છે. સુપ્રીમે આ કેસમાં ચાર સપ્તાહમાં જવાબ રજૂ કરવા સીએક્યુએમને નોટિસ આપી છે.

વચગાળાના સમયમાં સત્તાવાળઓને જૂના વાહન માલિકો સામે દંડાત્મક કાર્યવાહી નહીં કરવા બેન્ચે નિર્દેશ આપ્યો છે.દિલ્હીમાં વાયુ પ્રદૂષણને રોકવા માટે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના ઓર્ડરને આધારે સુપ્રીમ કોર્ટે અગાઉ ૨૦૧૮માં ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો ઉપર પ્રતિબંધ મુકવાનો નિર્દેશ આપ્યો હતો. આ વર્ષે જુલાઈમાં વાયુ ગુણવત્તા પ્રબંધન આયોગે દિલ્હી-એનસીઆરમાં જૂના વાહનોને ઈંધણ નહીં આપવાનો નિયમ પણ લાગુ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે દિલ્હી તથા એનસીઆરમાં ૧૦ વર્ષ જૂના ડીઝલ અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનોને દોડાવવા પર પ્રતિબંધ મૂકવાના આદેશ પર સ્ટે આપ્યો છે. ૨૯ ઓક્ટોબર ૨૦૧૮ના આદેશને પરત ખેંચવાની દિલ્હી સરકારની અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી.

## જમ્મુ-કાશ્મીરના બારામુલ્લામાં ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ, એક સૈનિક શહીદ થયો

। શ્રીનગર, તા.૧૩ ।

દેશભરની સુરક્ષા એજન્સીઓ સ્વતંત્રતા દિવસને લઈને એલર્ટ મોડ પર કામ કરી રહી છે. આ સાથે, દુશ્મનો પણ સુરક્ષા વ્યવસ્થામાં ઘૂસવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યા છે. જોકે, તેમના ઈરાદા સફળ થઈ રહ્યા નથી. સ્વતંત્રતા દિવસે, સેનાએ સરહદી વિસ્તારોમાં એલઓસી પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. આ દરમિયાન, સેના અને આતંકવાદીઓ વચ્ચે થયેલી એકાઉન્ટરમાં એક સૈનિક પણ શહીદ થયો છે. હાલમાં, સેના તરફથી સર્ચ ઓપરેશન ચાલુ છે.જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ઉરી સેક્ટરના ચિરુન્ડા ગામમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, સુરક્ષા દળોએ સમયસર આ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. આતંકવાદીઓ અને સેના વચ્ચેની અથડામણમાં એક સૈનિક શહીદ થયાના સમાચાર છે. હાલમાં, અથડામણ ચાલુ છે. સેનાએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આ સાથે, અથડામણ દરમિયાન આસપાસના વિસ્તારોમાં ગોળીઓનો અવાજ સ્પષ્ટપણે સંભળાઈ રહ્યો છે.છેલ્લા એક અઠવાડિયા દરમિયાન જમ્મુ-કાશ્મીરના ઘણા વિસ્તારોમાં ઘણી અથડામણો જોવા મળી છે. સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને સુરક્ષા દળો કોઈ ભૂલ કરવા દેતા નથી., જેમાં સેનાના જવાનો શહીદ થયા છે.

## જેસલમેરના જલાલુદીન ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી લડશે, ઉમેદવારી નોંધાવી

। જેસલમેર, તા.૧૩ ।

જગદીપ ધનખરના રાજીનામા બાદ, ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી હવે ૯ સપ્ટેમ્બરે યોજાશે. ઉપરાષ્ટ્રપતિ પદ માટે નામાંકન ૨૧ ઓગસ્ટ સુધીમાં ભરવામાં આવશે. એક તરફ, રાજકારણીઓ આ ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત છે, તો બીજી તરફ, રાજસ્થાનના જેસલમેરના રહેવાસી જલાલુદીન પણ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી લડશે. તેમણે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી છે. જેના કારણે તેઓ હેડલાઈન્સમાં આવ્યા છે.૩૮ વર્ષીય જલાલુદીન રાજ્યસભા પહોંચ્યા અને ૧૫,૦૦૦ રૂપિયાની ડિપોઝિટ જમા કરાવીને પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું. જલાલુદીન અગાઉ વોર્ડ પંચ, વિધાનસભા અને લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી ચૂક્યા છે. તેઓ એક મતથી વોર્ડ પંચની ચૂંટણી હારી ગયા હતા. હવે તેઓ સીધા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે મેદાનમાં ઉતર્યા છે. તેમણે કહ્યું કે લોકશાહીમાં દરેક વ્યક્તિને ચૂંટણી લડવાની સ્વતંત્રતા છે. તેમનું માનવું છે કે લોકશાહીમાં ભાગીદારી સૌથી મહત્વપૂર્ણ છે અને તેઓ આ સિદ્ધાંત હેઠળ સક્રિય રહેવા માંગે છે.તેમણે ૨૦૧૩ વિધાનસભા ચૂંટણીમાં જેસલમેર બેઠક પરથી અને ૨૦૧૪ લોકસભા ચૂંટણીમાં બાડમેર-જૈસલમેર બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી.

તાજેતરમાં એરલાઈન્સ પાસેથી મળેલા દસ્તાવેજોની તપાસ પછી ડીજીસીએએ ખુલાસો માંગ્યો

# ૧૭૦૦ પાયલટની સિમ્યુલેટર ટ્રેઈનિંગમાં ચૂકને પગલે ડીજીસીએની ઈન્ડિગોને નોટિસ અપાઈ

## નોટિસ તાજેતરના મહિનાઓમાં એરલાઈન્સ પાસેથી મળેલા દસ્તાવેજો અને જવાબોની તપાસ પછી આપવામાં આવી । ટ્રેઈનિંગ માટે ઉપયોગમાં લેવાયેલા ઉપકરણ નક્કી કરાયેલા સ્ટાન્ડર્ડ પ્રમાણેના હતા નહીં

। નવી દિલ્હી, તા.૧૩ ।

ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન(ડીજીસીએ)એ ઈન્ડિગો એરલાઈન્સને કારણદર્શક નોટિસ આપી છે. આ નોટિસ એટલા માટે આપવામાં આવી છે, કારણ કે ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા લગભગ ૧૭૦૦ પાયલટોની ટ્રેઈનિંગમાં કથિત રીતે કેટલીક ચૂક થઈ છે, તેમ સૂત્રોએ મંગળવારે જણાવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ નોટિસ તાજેતરના મહિનાઓમાં એરલાઈન્સ પાસેથી મળેલા દસ્તાવેજો અને જવાબોની તપાસ પછી આપવામાં આવી છે. ડીજીસીએને જાણવા મળ્યું કે લગભગ ૧૭૦૦ પાયલટોને 'સી' શ્રેણી કે મહત્વપૂર્ણ એરપોર્ટોની ટ્રેઈનિંગ એવા સિમ્યુલેટર પર આપવામાં આવી, જે પ્રમાણિત હતા નહીં. એમાં મુખ્ય પાયલટ અને સહાયક પાયલટ સામેલ છે. એટલે ટ્રેઈનિંગ



માટે ઉપયોગમાં લેવાયેલા ઉપકરણ નક્કી કરાયેલા સ્ટાન્ડર્ડ પ્રમાણેના હતા નહીં.ડીજીસીએને તપાસમાં જાણવા મળ્યું કે જે સિમ્યુલેટર પર પાયલટોની ટ્રેઈનિંગ થઈ -એ કાલીકટ, લેહ અને કાઠમાંડૂ જેવા કેટલાક ખાસ એરપોર્ટ પર સંચાલન માટે યોગ્ય હતા નહીં. કાલીકટ એરપોર્ટ પર ઉડાણના સંચાલન માટે વધારાના નિયમો અને સુરક્ષા વ્યવસ્થાની જરુરિયાત હોય છે, જ્યાં ટેબલ ટોપ રનવે છે. બીજી તરફ, ઈન્ડિગોના પ્રવક્તાએ કહ્યું કે અમને કેટલાક પાયલટોની સિમ્યુલેટર ટ્રેઈનિંગ સંબંધિત ડીજીસીએની કારણદર્શક નોટિસ મળી છે.

ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન(ડીજીસીએ)એ ઈન્ડિગો એરલાઈન્સને કારણદર્શક નોટિસ આપી છે. આ નોટિસ એટલા માટે આપવામાં આવી છે, કારણ કે ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા લગભગ ૧૭૦૦ પાયલટોની ટ્રેઈનિંગમાં કથિત રીતે કેટલીક ચૂક થઈ છે, તેમ સૂત્રોએ મંગળવારે જણાવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ નોટિસ તાજેતરના મહિનાઓમાં એરલાઈન્સ પાસેથી મળેલા દસ્તાવેજો અને જવાબોની તપાસ પછી આપવામાં આવી છે. ડીજીસીએને જાણવા મળ્યું કે લગભગ ૧૭૦૦ પાયલટોને 'સી' શ્રેણી કે મહત્વપૂર્ણ એરપોર્ટોની ટ્રેઈનિંગ એવા સિમ્યુલેટર પર આપવામાં આવી, જે પ્રમાણિત હતા નહીં. એમાં મુખ્ય પાયલટ અને સહાયક પાયલટ સામેલ છે. એટલે ટ્રેઈનિંગ માટે ઉપયોગમાં લેવાયેલા ઉપકરણ નક્કી કરાયેલા સ્ટાન્ડર્ડ પ્રમાણેના હતા નહીં.

૭ બાળક સહિત ૧૦ના મોત

## ખાટુશ્યામથી પાછા ફરતા શ્રદ્ધાળુઓને લઈ જતી પિક અપ અને ટ્રક વચ્ચે ટક્કર

। રાજસ્થાન, તા.૧૩ ।

રાજસ્થાનના દૌસામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. ખાટુશ્યામ મંદિરના દર્શન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓને લઈ જતી પિક અપની ટ્રક સાથે ભીષણ ટક્કર થઈ હતી. આ દરમિયાન ભયાનક અકસ્માતમાં ૧૦ લોકોના મોત નિપજ્યા હતા. મળતી માહિતી મુજબ, મૃતકોમાં ૭ બાળકો અને ૩ મહિલાઓનો સમાવેશ થાય છે.આ વિશે પોલીસે માહિતી આપતા જણાવ્યું કે, 'ખાટુશ્યામ મંદિરથી આવી રહેલા શ્રદ્ધાળુઓ અકસ્માતનો શિકાર બન્યા હતા. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત નિપજ્યા છે અને ૧૦ જેટલા લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આશરે ૭-૮ લોકોને જયપુરની એસએમએસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. નોંધનીય છે કે, હજુ સુધી મૃતકોની ઓળખ થઈ શકી નથી. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા છે અને તેમની ઓળખ કરી પરિજનોને જાણ કરવાની કામગીરી હાથ ધરી છે. આ સિવાય ઘટનાસ્થળે આસપાસના લોકોની પૂછપરછ કરી અકસ્માતનો ગુનો દાખલ કર્યો છે. આ મામલે પીએમ રિપોર્ટ બાદ પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરશે.દૌસાના જિલ્લા કલેક્ટર દેવેન્દ્ર કુમારે કહ્યું કે, 'પ્રાથમિક માહિતી મુજબ, બાપી પાસે એક અકસ્માતમાં ૧૦ લોકોના મોત નિપજ્યા છે. ૯ જેટલા લોકોને સારવાર માટે રાજસ્થાન ખસેડવામાં આવ્યા છે અને ૩ દર્દી જિલ્લાની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આ અકસ્માત એક કાર અને એક ટ્રેલર ટ્રક વચ્ચે થયો હતો.' રાજસ્થાનના દૌસામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. ખાટુશ્યામ મંદિરના દર્શન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓને લઈ જતી પિક અપની ટ્રક સાથે ભીષણ ટક્કર થઈ હતી. આ દરમિયાન ભયાનક અકસ્માતમાં ૧૦ લોકોના મોત નિપજ્યા હતા. મળતી માહિતી મુજબ, મૃતકોમાં ૭ બાળકો અને ૩ મહિલાઓનો સમાવેશ થાય છે.આ વિશે પોલીસે માહિતી આપતા જણાવ્યું કે, 'ખાટુશ્યામ મંદિરથી આવી રહેલા શ્રદ્ધાળુઓ અકસ્માતનો શિકાર બન્યા હતા. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત નિપજ્યા છે.

### ન્યૂઝ બ્રિફ



## ચંદ્રાબાબુ નાયડુ રાહુલ ગાંધીના સંપર્કમાં છે', જગન મોહન રેડ્ડીનો મોટો દાવો

। હૈદરાબાદ, તા.૧૩ ।

આંધ્ર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને રૂજીઈ કોંગ્રેસ પાર્ટીના વડા જગન મોહન રેડ્ડીએ મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ વિશે મોટો દાવો કર્યો છે. જગન મોહન રેડ્ડીએ કહ્યું કે ચંદ્રાબાબુ નાયડુ તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી દ્વારા હોટલાઈન પર રાહુલ ગાંધીના સંપર્કમાં છે. તેમણે એમ પણ કહ્યું, "જ્યારે રાહુલ ગાંધી મત ચોરી વિશે વાત કરે છે, ત્યારે તેઓ આંધ્રપ્રદેશ વિશે કેમ નિવેદન આપતા નથી, જ્યાં જાહેર થયેલા પરિણામો અને મતગણતરીના દિવસે મળેલા પરિણામો વચ્ચે ૧૨.૫% મતોનો સૌથી વધુ તફાવત છે. તેઓ અરવિંદ કેજરીવાલ વિશે કેમ બોલતા નથી? જ્યારે અરવિંદ કેજરીવાલ પોતે ધારાસભ્યની ચૂંટણી હારી ગયા હતા. તેઓ એવું કરતા નથી."તેમણે વધુમાં કહ્યું, "રાહુલ ગાંધી આંધ્ર વિશે વાત કરતા નથી કારણ કે ચંદ્રાબાબુ નાયડુ રેવંત રેડ્ડી દ્વારા હોટલાઈન પર રાહુલ ગાંધીના સંપર્કમાં છે... રાહુલ ગાંધી જેવા વ્યક્તિ વિશે હું શું ટિપ્પણી કરી શકું, જે પોતે પોતાના કામ પ્રત્યે પ્રામાણિક નથી?"અગાઉ, જગનમોહન રેડ્ડીએ પુલિવેન્ડુલા અને વોન્ટીમિટ્ટા સ્થાનિક સંસ્થા પેટાચૂંટણીઓમાં સીએમ ચંદ્રાબાબુ નાયડુ પર "લોકશાહીને નબળી પાડવા"નો આરોપ લગાવ્યો હતો. રેડ્ડીએ આરોપ લગાવ્યો હતો કે નાયડુએ સત્તા મેળવવા માટે "ષડયંત્ર, હુમલા, અત્યાચાર, જુઠ્ઠાણા અને છેતરપિંડી" નો આશરો લીધો હતો. સાચા કાર્ય દ્વારા જાહેર સમર્થન મેળવવાને બદલે, જગન, X પર એક પોસ્ટમાં, નાયડુએ આરોપ લગાવ્યો હતો.

## હરિયાણા કોંગ્રેસે ૧૧ વર્ષ પછી જિલ્લા પ્રમુખોની જાહેરાત કરી

। ચંડીગઢ, તા.૧૩ ।

રાજ્યમાં પાર્ટી નેતાઓ વચ્ચે લાંબા સંઘર્ષ અને ચાલી રહેલા ઝઘડા વચ્ચે, કોંગ્રેસે હરિયાણાના જિલ્લાઓના ૩૨ જિલ્લા પ્રમુખોના નામ જાહેર કર્યા છે. આ નામોની જાહેરાત મંગળવારે સાંજે કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે કરી હતી. તમને જણાવી દઈએ કે ૧૧ વર્ષ પછી કોંગ્રેસે હરિયાણામાં તેના જિલ્લા પ્રમુખોના નામ જાહેર કર્યા છે.કોંગ્રેસ જિલ્લા પ્રમુખોની યાદીમાં હુડ્ડા જૂથનું વર્ચસ્વ સ્પષ્ટપણે દેખાય છે. જોકે, પાર્ટીએ કુમારી શૈલજાને સંપૂર્ણપણે બાજુ પર રાખી નથી અને તેમના નજીકના કેટલાક નેતાઓને પણ જિલ્લા પ્રમુખ બનાવવામાં આવ્યા છે. આ યાદીમાં ફક્ત એક મહિલાને જિલ્લા પ્રમુખ તરીકે ચૂંટવામાં આવી છે.જારી કરાયેલા પક્ષના નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે કોંગ્રેસ પ્રમુખે હરિયાણાની જિલ્લા કોંગ્રેસ સમિતિઓના પ્રમુખોની નિમણૂક કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આ નિમણૂકો 'સંગઠન સૃજન અભિયાન' હેઠળ કરવામાં આવી છે. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે આ પહેલ હેઠળ, દરેક જિલ્લામાં નિયુક્ત કરાયેલા એઆઈસીસી નિરીક્ષકોએ પાર્ટીના લોકો સાથે સમીક્ષા કરી, વાતચીત કરી અને તેમના વ્યાપક અહેવાલો રજૂ કર્યા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

## મુઝફ્ફરપુરના મેયર અને તેમના સાળા પાસે ૨ મતદાર ઓળખ કાર્ડ છે : તેજસ્વી યાદવ

। મુઝફ્ફરપુર, તા.૧૩ ।

દિલ્હીથી બિહાર સુધી, મત ચોરી અને મતદાર યાદી સુધારણાને લઈને હોબાળો મચી ગયો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીથી લઈને આરજેડી નેતા તેજસ્વી યાદવ સુધી, દરેક વ્યક્તિ ચૂંટણી પંચ સામે ચેતવણી આપી રહ્યા છે. વિપક્ષ ચૂંટણી પંચ પર ભાજપ સાથે મળીને ચૂંટણીમાં ગોટાળો કરવાનો આરોપ લગાવી રહ્યા છે. આ દરમિયાન, તેજસ્વીએ વધુ એક મોટો દાવો કર્યો છે. તેજસ્વીએ કહ્યું છે કે ભાજપના મોટા નેતાઓ માટે બે મતદાર ઓળખ કાર્ડ બનાવવામાં આવ્યા છે.

## રાજ્યના લગભગ ૪૦ ઠાકુર ધારાસભ્યોએ લખનૌની એક ફાઇવ સ્ટાર હોટલમાં બેઠક યોજી

। લખનૌ, તા.૧૩ ।

યુપી વિધાનસભાનું ચોમાસુ સત્ર સોમવારથી ચાલી રહ્યું છે. આ કારણે, રાજ્યના લગભગ તમામ ધારાસભ્યો લખનૌમાં છે. આ દરમિયાન, એવા સમાચાર છે કે રાજ્યના લગભગ ૪૦ ઠાકુર ધારાસભ્યોએ લખનૌની એક ફાઈવ સ્ટાર હોટલમાં બેઠક યોજી છે. સપાના કેટલાક બળવાખોર ધારાસભ્યોએ પણ આ બેઠકમાં હાજરી આપી હતી. સૌથી મોટી વાત એ હતી કે રાજા ભૈયાએ પણ ઠાકુર ધારાસભ્યોની બેઠકમાં હાજરી આપી હતી. બેઠકમાં મોટાભાગના ધારાસભ્યો ભાજપના હતા. તમને જણાવી દઈએ કે ઉત્તર પ્રદેશમાં તમામ પક્ષો સહિત કુલ ૪૯ ઠાકુર ધારાસભ્યો છે. તેમાંથી લગભગ ૪૦ લોકોએ આ બેઠકમાં ભાગ લીધો હતો.

જાહેરાત-માહિતી અનુસાર, ભાજપ અને સમાજવાદી પાર્ટીના બળવાખોર ઠાકુર ધારાસભ્યોની ડિનર મીટિંગ યોજાઈ હતી. આ ડિનર મીટિંગ મુરાદાબાદના કુંદરકીથી ભાજપના ધારાસભ્ય ઠાકુર રામવીર સિંહ અને એમએલસી જયપાલ સિંહ વ્યાસ દ્વારા બોલાવવામાં આવી હતી. આ ડિનર પાર્ટીનું નામ કુટુમ્બ પરિવાર રાખવામાં આવ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઘણા મહિનાઓ પહેલા નક્કી કરવામાં આવ્યું હતું કે દરેક સત્ર દરમિયાન ઠાકુર ધારાસભ્યોની ડિનર મીટિંગ થશે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે અત્યાર સુધીમાં આવી ઘણી ડિનર મીટિંગો થઈ છે.

સુપ્રીમ કોર્ટે એક કેસમાં ટિપ્પણી કરી | પીઆઈએલમાં જણાવાયું છે કે ઘણા ભ્રષ્ટ, ગુનેગાર અને દોષિત વ્યક્તિઓ દ્વારા રાજકીય પક્ષો બનાવવાથી જનતાને નુકસાન થઈ રહ્યું છે

# માત્ર દોષિત હોય તેને રાજકીય પક્ષ બનાવતા કેવી રીતે રોકી શકાય? : સુપ્રીમ

। નવી દિલ્હી, તા.૧૩ ।

કોઈ વ્યક્તિને દોષિત ઠેરવવામાં આવ્યો હોય તે તેનો અર્થ એ નથી કે તેને રાજકીય પક્ષ બનાવતા રોકી શકાય છે. સુપ્રીમ કોર્ટે એક કેસમાં ટિપ્પણી કરતા કહ્યું હતું કે, જો કોઈ વ્યક્તિને વૈધાનિક અધિકારોથી વંચિત રાખવામાં આવ્યો હોય તો તેનો મતલબ એ નથી કે તેના બંધારણીય અધિકારો પણ છીનવી લેવા જોઈએ. ૨૦૧૭માં દાખલ એક પીઆઈએલમાં દોષિત ગુનેગારોને રાજકીય પક્ષો બનાવવા અને ટિકિટ વહેંચવાથી અટકાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે કહ્યું હતું કે, પીઆઈએલમાં રસપ્રદ મુદ્દો ઉઠાવવામાં



આવ્યો છે. જોકે, બેન્ચે સંકેત આપ્યો હતો કે તે અન્ય દિવસે આ મુદ્દે સુનાવણી કરશે. કેસ માટે હાજર થયેલા એડવોકેટ અશ્વિની કુમાર ઉપાધ્યાયે દલીલ કરી હતી કે, જે વ્યક્તિને મતદાર યાદી સાથે જોડવાથી વંચિત રાખવામાં આવ્યો છે અને જે મતદાન પણ નથી કરી શકતો તેને રાજકીય પક્ષ બનાવવાથી રોકવામાં આવી રહ્યો નથી. તેમણે વધુમાં કહ્યું કે, જે વ્યક્તિ મત માટે નથી લડી શકતો, ચૂંટણી નથી નથી લડી શકતો, તે જેલમાં બેસીને રાજકીય પક્ષ કેવી રીતે બનાવી શકે છે?પીઆઈએલમાં જણાવાયું છે કે ઘણા ભ્રષ્ટ, ગુનેગાર અને દોષિત વ્યક્તિઓ દ્વારા રાજકીય પક્ષો બનાવવાથી જનતાને નુકસાન થઈ રહ્યું છે. હાલમાં, હત્યા, બળાત્કાર, દાણચોરી, મની લોન્ડરિંગ, રાજદ્રોહ, લૂંટ વગેરે જેવા જઘન્ય ગુનાઓમાં દોષિત વ્યક્તિ રાજકીય પક્ષ બનાવીને તેનો અધ્યક્ષ બને છે. દાખલા તરીકે લાલુ યાદવ, ઓપી ચૌટાલા અને શશી કલા મોટા કૌભાંડોમાં દોષિત છે, તેમ છતાં તેઓ સર્વોચ્ચ રાજકીય હોદ્દા પર બિરાજમાન છે અને રાજકીય શક્તિનો ઉપયોગ કરી રહ્યા છે. કોઈ વ્યક્તિને દોષિત ઠેરવવામાં આવ્યો હોય તે તેનો અર્થ એ નથી કે તેને રાજકીય પક્ષ બનાવતા રોકી શકાય છે. સુપ્રીમ કોર્ટે એક કેસમાં ટિપ્પણી કરતા કહ્યું હતું કે, જો કોઈ વ્યક્તિને વૈધાનિક અધિકારોથી વંચિત રાખવામાં આવ્યો હોય તો તેનો મતલબ એ નથી કે તેના બંધારણીય અધિકારો પણ છીનવી લેવા જોઈએ. ૨૦૧૭માં દાખલ એક પીઆઈએલમાં દોષિત ગુનેગારોને રાજકીય પક્ષો બનાવવા અને ટિકિટ વહેંચવાથી અટકાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

# પાકિસ્તાનના બલુચિસ્તાનમાં મોટો આતંકવાદી હુમલો । આતંકવાદીઓએ ૯ સૈનિકોના મોત





ઈસ્લામાબાદ : પાકિસ્તાન બલુચિસ્તાન આતંકવાદી હુમલોઃ પાકિસ્તાનના બલુચિસ્તાનમાં ફરી એકવાર મોટો આતંકવાદી હુમલો થયો છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૯ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. અધિકારીઓએ મંગળવારે આ હુમલા વિશે માહિતી આપી. વાશુક જિલ્લાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ડઝનબંધ આતંકવાદીઓએ પોલીસ સ્ટેશન અને સરહદી દળ સંકુલ પર હુમલો કર્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, "જ્યારે સેના આગળ વધી રહી હતી ત્યારે આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. આતંકવાદીઓએ ૯ સૈનિકોને મારી નાખ્યા હતા."અગાઉ, પાકિસ્તાનના બલુચિસ્તાનમાં જાફર એક્સપ્રેસને નિશાન બનાવવામાં આવી હતી. આ ઘટના પાકિસ્તાનના દક્ષિણપશ્ચિમ બલુચિસ્તાન પ્રાંતના મસ્તુંગ જિલ્લામાં બની હતી. અહીં, ટ્રેક પર લગાવેલા વિસ્ફોટકોને કારણે જાફર એક્સપ્રેસના છ કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. આ ઘટનામાં ચાર લોકો ઘાયલ થયા હતા. જે સમયે ટ્રેનને નિશાન બનાવવામાં આવી હતી, તે સમયે તે પેશાવર તરફ જઈ રહી હતી.તાજેતરમાં, બલુચિસ્તાનમાં એક પેસેન્જર બસ પર પણ અજાણ્યા બંદૂકધારીઓએ ગોળીબાર કર્યો હતો, જેમાં ૩ લોકો માર્યા ગયા હતા અને સાત અન્ય ઘાયલ થયા હતા. કરાચીથી ક્વેટા જઈ રહેલી બસ પર હુમલો કરવામાં આવ્યો હતો. કલાત વિસ્તારમાં બસ પર હુમલો કરવામાં આવ્યો હતો.

## રખડતાં કૂતરા હટાવવાના આદેશનો કલાકારોએ પણ કર્યો વિરોધ



। મુંબઈ, તા.૧૩ ।

સુપ્રીમ કોર્ટે સોમવારે દિલ્હી અને એનસીઆરમાં રખડતા કૂતરાઓની વધતી જતી સમસ્યાને લઈને એક આદેશ જારી કર્યો હતો. સુપ્રીમ કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશનોને તાત્કાલિક અસરથી રખડતા કૂતરાઓને પકડીને શેલ્ટર હોમમાં રાખવાનો આદેશ કર્યો છે. આ નિર્ણય પર કેટલાક લોકોએ સ્વાગત કર્યુ છે, પરંતુ કેટલાક બોલિવૂડ અને ટીવી સેલેબ્સે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી છે. જેમાં રવિના ટંડન અને 'અનુપમા' ફેમ રૂપાલી ગાંગુલીનો સમાવેશ થાય છે. ચાલો જાણીએ કોણે શું કહ્યું છે.જાહ્નવી કપૂરે ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટેટસ મૂક્યું છે, જેમાં તેણે લખ્યું છે કે, 'તેઓ તેને ખતરો કહે છે. અમે તેને હૃદયના ધબકારા કહીએ છીએ. આજે સુપ્રીમ કોર્ટ કહે છે, દિલ્હી દ્રઝઈના રસ્તા પરના તમામ રખડતા કૂતરાને હટાવો અને શેલ્ટર હોમમાં બંધ કરી દો. કોઈ સૂર્યની રોશની નહીં. કોઈ આઝાદી નહીં. કોઈ પરિચિત ચહેરો નહીં, જેમને તેઓ દરરોજ સવારે મળે છે. પરંતુ આ માત્ર 'રખડતા કૂતરા' નથી. આ સવારે બિસ્કિટ માટે તમારી ચાની દુકાનની બહાર રાહ જુએ છે. તેઓ દુકાનદારોની ચૂપચાપ રાત્રિ દરમિયાન ચોકીદારી કરે છે. બાળકો શાળાએથી પાછા ફરતી વખતે આ પૂંછડીઓ હલાવતા હોય છે.

### યુએનજીએનું ૮૦મું સત્ર ૯ સપ્ટેમ્બરથી શરૂ થશે

## સપ્ટેમ્બરમાં યુએનજીએ સત્ર માટે વડાપ્રધાન મોદી અમેરિકા જઈ શકે છે, ટ્રમ્પ સાથે પણ વાત કરી શકે

**સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલ વક્તાઓની કામચલાઉ યાદી અનુસાર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના વાર્ષિક ઉચ્ચ-સ્તરીય સત્રને સંબોધિત કરી શકે**

। વોશિંગ્ટન, તા.૧૩ ।

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલ વક્તાઓની કામચલાઉ યાદી અનુસાર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના વાર્ષિક ઉચ્ચ-સ્તરીય સત્રને સંબોધિત કરી શકે છે. યુએનજીએનું ૮૦મું સત્ર ૯ સપ્ટેમ્બરથી શરૂ થશે. ઉચ્ચ સ્તરીય સામાન્ય ચર્ચા ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર સુધી ચાલશે, જેમાં પરંપરાગત રીતે બ્રાઝિલ સત્રનું પ્રથમ વક્તા હશે, ત્યારબાદ અમેરિકા. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૩ સપ્ટેમ્બરે યુએનજીએ પ્લેટફોર્મ પરથી વિશ્વ નેતાઓને સંબોધિત કરશે. દરમિયાન, સૂત્રોએ અહેવાલ આપ્યો છે કે પીએમ મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે વાતચીત શક્ય છે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૦મા સત્રની ઉચ્ચ સ્તરીય ચર્ચા માટે વક્તાઓની પ્રારંભિક યાદી અનુસાર, ભારતના સરકારના વડા ૨૬ સપ્ટેમ્બરની સવારે સત્રને સંબોધિત કરશે. ઈઝરાયલ, ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના સરકારના વડાઓ પણ તે જ દિવસે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની સામાન્ય ચર્ચાને સંબોધિત કરશે.

સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનું



શિખર સંમેલન યોજાશે અને ૨૩ સપ્ટેમ્બરથી શરૂ થતા અઠવાડિયામાં વિશ્વ નેતાઓ આવવાનું શરૂ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પીએમ મોદી અન્ય વૈશ્વિક નેતાઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો પણ કરી શકે છે, જેમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી પણ શામેલ હોઈ શકે છે. 'ભારત ખેડૂતોના હિત સાથે સમાધાન કરશે નહીં' પીએમ મોદીની યુએસ મુલાકાતના સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. હાલમાં ૨૫ ટકા ટેરિફ અમલમાં છે, જ્યારે થોડા દિવસોમાં વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવી શકે છે. ભારતે સ્પષ્ટપણે કહ્યું છે કે તે કોઈપણ સોદા માટે તેના ખેડૂતોના હિત સાથે સમાધાન કરશે નહીં. પીએમ મોદીએ તો એમ પણ કહ્યું હતું કે તેઓ વ્યક્તિગત રીતે કિંમત ચૂકવવા તૈયાર છે પરંતુ ખેડૂતોના હિત સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલ વક્તાઓની કામચલાઉ યાદી અનુસાર, વડા પ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના વાર્ષિક ઉચ્ચ-સ્તરીય સત્રને સંબોધિત કરી શકે છે. યુએનજીએનું ૮૦મું સત્ર ૯ સપ્ટેમ્બરથી શરૂ થશે. ઉચ્ચ સ્તરીય સામાન્ય ચર્ચા ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર સુધી ચાલશે, જેમાં પરંપરાગત રીતે બ્રાઝિલ સત્રનું પ્રથમ વક્તા હશે.

### દેશના ઘણા રાજ્યોમાં ભારે વરસાદ

## ઉત્તરાખંડ - હિમાચલ સહિત ૧૧ રાજ્યોમાં મુશળધાર વરસાદની ચેતવણી જારી

**હવામાન વિભાગે જણાવ્યું હતું કે મધ્યપ્રદેશ, વિદર્ભ, ઓડિશા, છત્તીસગઢ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, રાયલસીમા અને તેલંગાણામાં ૧૪ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદનો નવો રાઉન્ડ જોવા મળશે**

। નવીદિલ્હી, તા.૧૩ ।

દેશના ઘણા રાજ્યોમાં ભારે વરસાદ ચાલુ છે. હવામાન વિભાગે દેશના ઘણા ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે.ઉત્તરાખંડ, હરિયાણા, ચંદીગઢ, હિમાચલપ્રદેશ, પૂર્વ યુપી અને પશ્ચિમ યુપીમાં મુશળધાર વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આ સાથે જ જમ્મુ, આસામ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમના કેટલાક ભાગોમાં અતિ ભારે વરસાદની આગાહી છે.હવામાન વિભાગે જણાવ્યું હતું કે મધ્યપ્રદેશ, વિદર્ભ, ઓડિશા, છત્તીસગઢ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, રાયલસીમા અને તેલંગાણામાં ૧૪ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદનો નવો રાઉન્ડ જોવા મળશે, જ્યારે તેલંગાણામાં ૧૪ અને ૧૬ ઓગસ્ટ દરમિયાન અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે. મધ્ય મહારાષ્ટ્રના કોંકણ, ગોવા અને ઘાટ વિસ્તારોમાં ૧૫ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન ભારે વરસાદ પડવાની સંભાવના છે.હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૧૪-૧૬ ઓગસ્ટ દરમિયાન ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીરમાં અલગ અલગ સ્થળોએ ગાજવીજ અને વીજળી સાથે ભારે વરસાદ પડવાની સંભાવના છે. આગામી ૭ દિવસ દરમિયાન જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ-ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ઉત્તરાખંડ અને હિમાચલના ઘણા ભાગોમાં વરસાદને કારણે ભૂસ્ખલન થયું હતું અને ઘણા રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવા પડ્યા હતા. હિમાચલમાં, ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત ૩૯૮ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવા પડ્યા હતા.દિલ્હી-એનસીઆરના ઘણા વિસ્તારોમાં આકાશ વાદળછાયું રહ્યું. હવામાન વિભાગે આગામી ૧૨ કલાક દરમિયાન વાદળછાયું વાતાવરણ અને કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ થવાની આગાહી કરી છે. લઘુત્તમ તાપમાન ૨૩.૪ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.આઈએમડીએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં જમ્મુમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ નોંધાયો છે, જ્યારે પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વી ઉત્તર પ્રદેશ, આસામ અને તેલંગાણાના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડ્યો છે.

## આવા અહેવાલો જોઇને હસવું આવે છે : અભિનેત્રી મૃણાલ ઠાકુર



। મુંબઈ, તા.૧૩ ।

જ્યારે બે કલાકારો સાથે કામ કરે છે, ત્યારે ઘણી વખત સેટ પરથી ડેટિંગની અફવાઓ શરૂ થઈ જતી હોય છે. તેનું તાજેતરનું ઉદાહરણ મૃણાલ ઠાકુર અને ધનુષ છે. આ મહિનાની શરૂઆતમાં અજય દેવગણ અને મૃણાલની કોમેડી ફિલ્મ 'સન ઓફ સરદાર ૨' ના પ્રીમિયરમાં બંને સાથે આવ્યા ત્યારથી તેમનાં ડેટિંગની ચર્ચાઓ શરૂ થઈ હતી. જ્યારે ધનુષે, એક અસંભવિત મહેમાન, સ્ટાઈલમાં એન્ટ્રી કરી હતી, તો મૃણાલ તેને રિસીવ કરવા દોડી ગઈ હતી અને ધનુષ પાપારાઝીના ફોટો માટે રેડ કાર્પેટ પર જાય તે પહેલાં મૃણાલ ધનુષને એક બાજુ લઈ જઈને ભેટી પડી હતી. આ રીતે આ અફવાઓ શરૂ થઈ કે ધનુષ ખાસ મૃણાલને મળવા અને સપોર્ટ આપવા આવ્યો હતો. ત્યારે મૃણાલે હવે આ અહેવાલો પર પોતાનું મૌન તોડ્યું છે.વિડીયો વાયરલ થયાના અઠવાડિયા પછી, મૃણાલ ઠાકુરે સ્પષ્ટતા કરી છે કે તે અને ધનુષ ડેટ કરતાં નથી. ધનુષે પણ ખુલાસો કર્યો છે કે ધનુષને 'સન ઓફ સરદાર ૨'નાં પ્રીમિયરમાં કોણે આમંત્રણ આપ્યું હતું. એક ઈન્ટરવ્યુમાં મૃણાલે કહ્યું, "ધનુષ મારા માટે ફક્ત એક સારો મિત્ર છે. મને ખબર છે કે તાજેતરમાં અમારા બંનેના સંબંધો વિશે ઘણી બધી અફવાઓ ફેલાઈ રહી છે. જ્યારે મેં તે જોયું ત્યારે મને તો હસવું આવ્યું હતું. ધનુષે 'સન ઓફ સરદાર ૨' ઈવેન્ટમાં હાજરી આપી હતી.

## ટેક્સાસ રાજ્યની રાજધાની ઓસ્ટિનમાં ગોળાબાર થયો

। ટેક્સાસ, તા.૧૩ ।

અમેરિકામાં ફરી એક વખત ગોળીબારની ઘટના સામે આવી છે. આ વખતે ટેક્સાસ રાજ્યની રાજધાની ઓસ્ટિનમાં ગોળાબાર થયો છે. અહિંયા એક બંદૂકધારીએ ટાર્ગેટ કંપનીના એક સ્ટોરના પાર્કિંગ ક્ષેત્રમાં ગોળીબારી કરીને ૨ પુખ્ત ઉંમરના લોકો અને એક બાળકની હત્યા કરી છે.ઓસ્ટિન પોલીસના જણાવ્યા અનુસાર લગભગ અજાણ્યો ૩૦ વર્ષની ઉંમરનો યુવાન જેનો માનસિક બિમારીથી પીડાવાનો ઈતિહાસ છે તેણે પાર્કિંગમાં એકાએક ગોળીબારી શરૂ કરી હતી. આરોપી પહેલાં ચોરી કરેલી કારમાં સવાર થઈને ઘટનાસ્થળથી ભાગી છૂટ્યો.

પરંતુ તે કાર બગડી પછી અન્ય એક કાર ચોરીને તે કાર લઈને લગભગ ૩૦ કિલોમીટર દૂર દક્ષિણી ઓસ્ટિનમાં પકડી લેવામાં આવ્યો છે.લિસા ડેવિસના જણાવ્યા અનુસાર પોલીસને બપોરના સમયે સૂચના મળી અને જ્યારે અધિકારી ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે પાર્કિંગ ક્ષેત્રમાં ત્રણ લોકોને ગોળી લાગી હતી અને એમાંથી એક વ્યક્તિએ જ હતો જેની તે યુવાને કાર ચોરી હતી. ઓસ્ટિન ટ્રેવિસ કાઉન્ટી ઈમરજન્સી મેડિકલ સર્વિસ અનુસાર એક મોટી ઉંમરના માણસ અને બાળકનુ ઘટના સ્થળે જ મોતી નીપજ્યુ. જ્યારે અન્ય એક વ્યક્તિનુ સારવાર દરમિયાન મોત નીપજ્યુ છે.

## પુતિન ઇચ્છે છે કે યુક્રેન યુદ્ધવિરામ કરાર હેઠળ ડોનેટ્સક ક્ષેત્રના બાકીના ૩૦ ટકા ભાગમાંથી ખસી જાય : ઝેલેન્સકી

। બ્રસેલ્સ, તા.૧૩ ।

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ અંગે અલાસ્કામાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે મહત્વપૂર્ણ વાતચીત થવાની છે. રશિયા અને અમેરિકા વચ્ચેની વાતચીત પહેલા યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ એક મોટું નિવેદન આપ્યું છે. ઝેલેન્સકીએ કહ્યું છે કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ઈચ્છે છે કે યુક્રેન યુદ્ધવિરામ કરાર હેઠળ ડોનેટ્સક ક્ષેત્રના બાકીના ૩૦ ટકા ભાગમાંથી ખસી જાય, જે હાલમાં યુક્રેનના નિયંત્રણ હેઠળ છે.યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ આ દરમિયાન એમ પણ કહ્યું છે કે યુક્રેન તેના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાંથી ખસી જશે નહીં કારણ કે તે ગેરબંધારણીય છે અને તે ભવિષ્યમાં રશિયાને ફરીથી હુમલો કરવામાં મદદ કરી શકે છે. ઝેલેન્સકીએ કહ્યું કે પુતિન ઈચ્છે છે કે ડોનેટ્સકનો બાકીનો ૯,૦૦૦ ચોરસ કિલોમીટર (૩,૫૦૦ ચોરસ માઈલ) ભાગ, જે હાલમાં કિવ દ્વારા કબજો કરવામાં આવ્યો છે, તેને યુદ્ધવિરામ કરાર હેઠળ રશિયન નિયંત્રણ હેઠળ આપવામાં આવે.

બંને દેશો વચ્ચે ખાસ કરીને આ વિસ્તારના કબજાને લઈને ઉગ્ર લડાઈ ચાલી રહી છે.યુક્રેનના રાષ્ટ્રપતિએ કહ્યું કે યુએસ અધિકારીઓએ તેમને કહ્યું છે કે રશિયા શું ઈચ્છે છે. જો યુક્રેન આ માટે સંમત થાય છે, તો રશિયાને ડોનબાસ ક્ષેત્રનો લગભગ સંપૂર્ણ નિયંત્રણ મળશે. આ વિસ્તાર યુક્રેનના પૂર્વીય ઔદ્યોગિક ક્ષેત્ર માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પુતિન લાંબા સમયથી તેને કબજે કરવા માંગતા હતા.આ દરમિયાન, અમે તમને અહીં એ પણ જણાવી દઈએ કે અલાસ્કામાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની શિખર મંત્રણા પહેલા, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક મોટું નિવેદન આપ્યું છે.

### એક અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનું કહ્યું | છત્રસાલ હત્યા કેસમાં બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા સુશીલ કુમારની મુશ્કેલીઓ વધી

## સુપ્રીમ કોર્ટે કુસ્તીબાજ સુશીલ કુમારના જામીન રદ કર્યા

। નવીદિલ્હી,તા.૧૩ ।

છત્રસાલ હત્યા કેસમાં બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા સુશીલ કુમારની મુશ્કેલીઓ વધતી જતી હોય તેવું લાગે છે. ૧૩ ઓગસ્ટના રોજ, સુપ્રીમ કોર્ટે જુનિયર રાષ્ટ્રીય કુસ્તી ચેમ્પિયન સાગર ધનખરની હત્યાના મુખ્ય આરોપી સુશીલ કુમારના જામીન રદ કર્યા છે અને તેમને એક અઠવાડિયામાં આત્મસમર્પણ કરવા કહ્યું છે. ન્યાયાધીશ સંજય કરોલ અને પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે સુશીલ કુમારને જામીન આપવાના દિલ્હી હાઈકોર્ટના ૪ માર્ચના આદેશને રદ કર્યો છે.

કોર્ટનો આ આદેશ સાગરના પિતા અશોક ધનખર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આવ્યો છે, જેમાં તેમણે




હાઈકોર્ટના જામીનના આદેશને પડકાર્યો હતો. અશોક ધનખર તરફથી વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ મૃદુલ સુપ્રીમ કોર્ટમાં હાજર થયા હતા, જ્યારે સુશીલ કુમારનું પ્રતિનિધિત્વ એડવોકેટ મહેશ જેઠમલાણીએ કર્યું હતું. સુપ્રીમ કોર્ટે હવે આ કેસમાં પોતાનો ચુકાદો આપ્યો છે. તમને જણાવી દઈએ કે સાથી કુસ્તીબાજ સાગર ધનખરની હત્યા કેસમાં સુશીલ ૨૦૨૧ થી ન્યાયિક કસ્ટડીમાં હતો. દિલ્હી હાઈકોર્ટે ટ્રાયલ પ્રક્રિયામાં વિલંબને ટાંકીને માર્ચમાં તેમને જામીન આપ્યા હતા. જોકે, આ કેસમાં તપાસ હજુ પણ ચાલુ છે. આ કારણે, કોર્ટે સુશીલ કુમારને એક અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે.

કુસ્તીની દુનિયામાં પોતાનું નામ બનાવનાર સુશીલનું નામ હત્યાના કેસમાં આવ્યું ત્યારે આ સમાચારથી દેશ ચોંકી ગયો. તેણે બેઈજિંગ ૨૦૦૮ ઓલિમ્પિકમાં કુસ્તીમાં બ્રોન્ઝ અને લંડન ૨૦૧૨ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો. તે બે ઓલિમ્પિક મેડલ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો. જોકે, આ કેસમાં કોર્ટ કાર્યવાહી હજુ પણ ચાલુ છે અને આ પછી કોર્ટ તેના વિશે શું નિર્ણય આપે છે તે જોવું મહત્વપૂર્ણ રહેશે. છત્રસાલ હત્યા કેસમાં બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા સુશીલ કુમારની મુશ્કેલીઓ વધતી જતી હોય તેવું લાગે છે. ૧૩ ઓગસ્ટના રોજ, સુપ્રીમ કોર્ટે જુનિયર રાષ્ટ્રીય કુસ્તી ચેમ્પિયન સાગર ધનખરની હત્યાના મુખ્ય આરોપી સુશીલ કુમારના જામીન રદ કર્યા છે અને તેમને એક અઠવાડિયામાં આત્મસમર્પણ કરવા કહ્યું છે. ન્યાયાધીશ સંજય કરોલ અને પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે સુશીલ કુમારને જામીન આપવાના દિલ્હી હાઈકોર્ટના ૪ માર્ચના આદેશને રદ કર્યો છે.કોર્ટનો આ આદેશ સાગરના પિતા અશોક ધનખર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આવ્યો છે, જેમાં તેમણે હાઈકોર્ટના જામીનના આદેશને પડકાર્યો હતો. અશોક ધનખર તરફથી વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ મૃદુલ સુપ્રીમ કોર્ટમાં હાજર થયા હતા.

### પહેલગામમાં આતંકવાદી હુમલા પછી ભારત દ્વારા લેવામાં આવેલા પગલાંથી પાકિસ્તાન સંપૂર્ણપણે નારાજ

### ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના એક દિવસ પછી, ભારતે પાકિસ્તાન વિરુદ્ધ અનેક મોટા પગલાં લીધાં છે, જેમાં ૧૯૬૦ ની સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો સમાવેશ થાય છે

## ભારતને પાકિસ્તાનનું પાણીનું એક ટીપું પણ છીનવા દેવામાં આવશે નહીં : શાહબાઝ શરીફ

। ઇસ્લામાબાદ, તા.૧૩ ।

પહેલગામમાં આતંકવાદી હુમલા પછી ભારત દ્વારા લેવામાં આવેલા પગલાંથી પાકિસ્તાન સંપૂર્ણપણે નારાજ છે. પાકિસ્તાન ભારત વિશે સતત વાહિયાત નિવેદનો આપી રહ્યું છે. વાહિયાત નિવેદનો આપનારાઓની યાદીમાં પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફનું નામ પણ ઉમેરવામાં આવ્યું છે. અત્યાર સુધી ભારત સાથે વાતચીતની વિનંતી કરતા શરીફે હવે દાદાગીરીનો આશરો લીધો છે.પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે કહ્યું છે કે ભારતને પાકિસ્તાનનું પાણીનું એક ટીપું પણ છીનવા દેવામાં આવશે નહીં. ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના એક દિવસ પછી, ભારતે પાકિસ્તાન વિરુદ્ધ અનેક મોટા પગલાં લીધાં છે, જેમાં ૧૯૬૦ ની સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો સમાવેશ થાય છે. પાકિસ્તાને વારંવાર ચેતવણી આપી છે કે પાણી રોકવા માટે કોઈપણ હસ્તક્ષેપને યુદ્ધ ગણવામાં આવશે.વડાપ્રધાન શાહબાઝ શરીફે એક કાર્યક્રમને સંબોધતા કહ્યું, "આજે હું દુશ્મનને કહેવા માંગુ છું કે જો તમે અમારા પાણીને રોકવાની ધમકી આપો છો, તો ધ્યાનમાં રાખો કે તમે પાકિસ્તાનનું પાણીનું એક ટીપું પણ



છીનવી શકતા નથી." તેમણે ચેતવણી આપી હતી કે જો ભારતે આવી કોઈ કાર્યવાહી કરી, તો "તમને એવો પાઠ ભણાવવામાં આવશે કે તમારે પસ્તાવું પડશે."આ દરમિયાન, અમે તમને અહીં એ પણ જણાવી દઈએ કે તાજેતરમાં પીએમ શાહબાઝ શરીફે ભારત સાથે વાતચીત કરવાનો પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. શરીફે કહ્યું હતું કે તેમનો દેશ તમામ પડતર મુદ્દાઓને ઉકેલવા માટે ભારત સાથે 'અર્થપૂર્ણ વાતચીત' માટે તૈયાર છે. પીએમ શરીફે બ્રિટિશ હાઈ કમિશનર જેન મેરિયટ સાથેની વાતચીત દરમિયાન આ નિવેદન આપ્યું હતું. શાહબાઝ શરીફ પહેલા, ભૂતપૂર્વ વિદેશ મંત્રી અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) ના પ્રમુખ બિલાવલ ભુટ્ટોએ પણ ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું હતું. ભુટ્ટોએ ધમકી આપી હતી કે જો યુદ્ધ થાય છે, તો અમે ઝૂકીશું નહીં અને જો કોઈ સિંધુ પર અતિક્રમણ કરવાની હિંમત કરશે, તો પાકિસ્તાનના લોકો લડવા માટે તૈયાર છે. તેમણે કહ્યું હતું કે મેં આખી દુનિયાને સંદેશ આપ્યો છે કે ભારતે સિંધુ જળ સંધિ પર એકપક્ષીય નિર્ણય લીધો છે.પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ આસીમ મુનીરે અમેરિકા તરફથી સિંધુ જળ સંધિ પર નિવેદન આપ્યું હતું. મુનીરે કહ્યું હતું કે જો ભારત સિંધુ નદી પર બંધ બનાવે છે, તો અમે તેને બનાવવા દઈશું. બંધ પૂર્ણ થાય ત્યાં સુધીમાં અમે મિસાઈલ છોડીને તેનો નાશ કરીશું. પાકિસ્તાન પરમાણુ શક્તિ ધરાવતો દેશ છે. આપણી પાસે મિસાઈલોની અછત નથી.

## અમૂલ નિયામક મંડળની ૧૨ બ્લોકવાઈઝ બેઠકો અને એક વ્યક્તિ વિશેષ બેઠક મળી કુલ ૧૩ બેઠકો માટે આ ચૂંટણી યોજાશે

# ગુજરાતની અમૂલ ડેરીની ચૂંટણીની જાહેરાત થતાં જ રાજકીય હિલચાલ શરૂ ! ૧૦મી સપ્ટેમ્બરે ૧૨૧૦ મતદારો મતદાન કરશે

**બ્લોકવાઈઝ મતદાર સંખ્યાની વાત કરીએ તો આણંદ: ૧૧૦, ખંભાત : ૧૦૫,બોરસદ : ૯૩,પેટલાદ: ૮૯,ઠાસરા : ૧૦૭, બાલાસિનોર : ૯૪,કઠલાલ: ૧૦૪,કપડવંજ : ૧૧૨,મહેમદાવાદ : ૧૦૪,માતર : ૯૦, નડિયાદ : ૧૦૭, વીરપુર : ૯૫**

। પ્રતિનિધિ, આણંદ, તા.૧૩ ।

સહકારી ક્ષેત્રમાં અતિ મહત્વ ધરાવતી અને દેશ-વિદેશમાં નામના મેળવનારી અમૂલ ડેરીની ચૂંટણીની જાહેરાત થતાં જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આગામી ૧૦મી સપ્ટેમ્બરે મતદાન યોજાશે. આ ચૂંટણીમાં કુલ ૧૨૧૦ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે, જેમાં સૌથી વધુ મતદારો આણંદ વિસ્તારમાં નોંધાયેલા છે.

અમૂલ નિયામક મંડળની ૧૨ બ્લોકવાઈઝ બેઠકો અને એક વ્યક્તિ વિશેષ બેઠક મળી કુલ ૧૩ બેઠકો માટે આ ચૂંટણી યોજાશે. ચૂંટણી માટેનું જાહેરનામું મંગળવારે સાંજે જાહેર કરવામાં આવ્યું હતું. તે પહેલાં પ્રાથમિક મતદાર યાદી પ્રસિદ્ધ થતાની સાથે જ ૬૧ જેટલી વાંધા અરજી જિલ્લા રજિસ્ટ્રાર કચેરીમાં આવી હતી. આ તમામ વાંધા અરજીનું નિરાકરણ કર્યા બાદ ૨૧ અરજી માન્ય ગણાઈ હતી, જ્યારે બાકીની ૪૦ અરજી રદ કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, પ્રાંત અધિકારી દ્વારા આ મતદારોની અંતિમ યાદી તમામ રાજકીય પક્ષોને સોંપવામાં આવી હતી. કુલ ૧૨૫૭ નામોમાંથી વાંધા બાદ ૧૨૧૦ મતદારોના નામ અંતિમ યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. બ્લોકવાઈઝ મતદાર સંખ્યાની વાત કરીએ તો આણંદ: ૧૧૦, ખંભાત: ૧૦૫,બોરસદ: ૯૩, પેટલાદ: ૮૯,ઠાસરા: ૧૦૭, બાલાસિનોર: ૯૪,કઠલાલ: ૧૦૪,કપડવંજ: ૧૧૨,મહેમદાવાદ: ૧૦૪,માતર: ૯૦, નડિયાદ: ૧૦૭, વીરપુર: ૯૫


આ રીતે કુલ ૧૨૧૦ મતદારોના નામ સાથે અંતિમ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. મતદાર યાદી જાહેર થતાં જ ચૂંટણીના મિજાજમાં ગરમાવો આવી ગયો છે. સહકારી ક્ષેત્રમાં અમૂલ જેવી પ્રતિષ્ઠિત ડેરીની ચૂંટણી હંમેશાં રાજકીય રીતે સંવેદનશીલ રહી છે, કેમ કે ડેરીના સંચાલનમાં સીધી અસર ગ્રામ્ય અર્થતંત્ર અને દૂધ ઉત્પાદકોના હિતો પર પડે છે.




આ ચૂંટણીમાં પરંપરાગત રીતે બે મુખ્ય જૂથો વચ્ચે હરીફાઈ રહે છે, જેમાં વર્તમાન સંચાલક મંડળ અને વિરોધી જૂથ બંને માટે આ ચૂંટણી પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહે છે. સ્થાનિક નેતાઓ માટે પણ આ ચૂંટણી પ્રતિષ્ઠા સાથે જોડાયેલી ગણાય છે, કારણ કે અમૂલ ડેરીનુ બોર્ડ સહકારી ક્ષેત્રમાં શક્તિશાળી માનવામાં આવે છે.

ચૂંટણી કાર્યક્રમ મુજબ, ૧૦મી સપ્ટેમ્બરના રોજ મતદાન યોજાશે અને ત્યાર બાદ મતગણતરી પૂર્ણ થતાં જ વિજેતા ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે. ચૂંટણીને લઈને સુરક્ષા વ્યવસ્થા કડક રહેશે અને તમામ પ્રક્રિયાઓ ગુજરાત સહકારી સંસ્થાઓ અધિનિયમ મુજબ હાથ ધરવામાં આવશે. અમૂલ ડેરીની ચૂંટણી માત્ર સહકારી ક્ષેત્રની ચૂંટણી નથી, પરંતુ ગ્રામ્ય રાજકારણ અને સહકારી સંચાલનની દિશા નક્કી કરનારી મહત્વની પ્રક્રિયા છે. તેથી, ૧૦મી સપ્ટેમ્બરના મતદાનના પરિણામ પર સૌની નજર રહેશે.

## અમૂલ ડેરીની ચૂંટણીમાં કુલ ૧૨૧૦ મતદારોના નામ સાથે અંતિમ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી




### સહકારી ક્ષેત્રમાં અતિ મહત્વ ધરાવતી અને દેશ-વિદેશમાં નામના મેળવનારી અમૂલ ડેરીની ચૂંટણીની જાહેરાત થતાં જ રાજકીય ગરમાવો

સહકારી ક્ષેત્રમાં અતિ મહત્વ ધરાવતી અને દેશ–વિદેશમાં નામના મેળવનારી અમૂલ ડેરીની ચૂંટણીની જાહેરાત થતાં જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આગામી ૧૦મી સપ્ટેમ્બરે મતદાન યોજાશે. આ ચૂંટણીમાં કુલ ૧૨૧૦ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે, જેમાં સૌથી વધુ મતદારો આણંદ વિસ્તારમાં નોંધાયેલા છે.અમૂલ નિયામક મંડળની ૧૨ બ્લોકવાઈઝ બેઠકો અને એક વ્યક્તિ વિશેષ બેઠક મળી કુલ ૧૩ બેઠકો માટે આ ચૂંટણી યોજાશે. ચૂંટણી માટેનું જાહેરનામું મંગળવારે સાંજે જાહેર કરવામાં આવ્યું હતું.

### ૧૦મી સપ્ટેમ્બરના રોજ મતદાન યોજાશે અને ત્યાર બાદ મતગણતરી પૂર્ણ થતાં જ વિજેતા ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે

કુલ ૧૨૧૦ મતદારોના નામ સાથે અંતિમ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. મતદાર યાદી જાહેર થતાં જ ચૂંટણીના મિજાજમાં ગરમાવો આવી ગયો છે. સહકારી ક્ષેત્રમાં અમૂલ જેવી પ્રતિષ્ઠિત ડેરીની ચૂંટણી હંમેશાં રાજકીય રીતે સંવેદનશીલ રહી છે, કેમ કે ડેરીના સંચાલનમાં સીધી અસર ગ્રામ્ય અર્થતંત્ર અને દૂધ ઉત્પાદકોના હિતો પર પડે છે.આ ચૂંટણીમાં પરંપરાગત રીતે બે મુખ્ય જૂથો વચ્ચે હરીફાઈ રહે છે, જેમાં વર્તમાન સંચાલક મંડળ અને વિરોધી જૂથ બંને માટે આ ચૂંટણી પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહે છે.

### અમૂલ નિયામક મંડળની ૧૨ બ્લોકવાઈઝ બેઠકો અને એક વ્યક્તિ વિશેષ બેઠક મળી કુલ ૧૩ બેઠકો માટે આ ચૂંટણી યોજાશે

નોંધનીય છે કે, પ્રાંત અધિકારી દ્વારા આ મતદારોની અંતિમ યાદી તમામ રાજકીય પક્ષોને સોંપવામાં આવી હતી. કુલ ૧૨૫૭ નામોમાંથી વાંધા બાદ ૧૨૧૦ મતદારોના નામ અંતિમ યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. ૯૫ ચૂંટણી કાર્યક્રમ મુજબ, ૧૦મી સપ્ટેમ્બરના રોજ મતદાન યોજાશે અને ત્યાર બાદ મતગણતરી પૂર્ણ થતાં જ વિજેતા ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે. ચૂંટણીને લઈને સુરક્ષા વ્યવસ્થા કડક રહેશે અને તમામ પ્રક્રિયાઓ ગુજરાત સહકારી સંસ્થાઓ અધિનિયમ મુજબ હાથ ધરવામાં આવશે. અમૂલ ડેરીની ચૂંટણી માત્ર સહકારી ક્ષેત્રની ચૂંટણી નથી, પરંતુ ગ્રામ્ય રાજકારણ અને સહકારી સંચાલનની દિશા નક્કી કરનારી મહત્વની પ્રક્રિયા છે. તેથી, ૧૦મી સપ્ટેમ્બરના મતદાનના પરિણામ પર સૌની નજર રહેશે. અમૂલ નિયામક મંડળની ૧૨ બ્લોકવાઈઝ બેઠકો અને એક વ્યક્તિ વિશેષ બેઠક મળી કુલ ૧૩ બેઠકો માટે આ ચૂંટણી યોજાશે. ચૂંટણી માટેનું જાહેરનામું મંગળવારે સાંજે જાહેર કરવામાં આવ્યું હતું.

---

### ધારાસભ્ય રમણ વોરાએ ખોટા ખેડૂત ગણાવીને ૮ હેક્ટર ખેતીલાયક જમીન ખરીદી

## બોગસ ખેડૂત ખાતેદાર કેસમાં ઈડર ભાજપના ધારાસભ્ય સામે તંત્રએ કાર્યવાહી હાથ ધરી

**ઈડર નાયબ કલેક્ટર અને મામલતદારથી અનેકવાર માહિતી માંગવા છતાં ખેડૂત ખાતેદાર સંબંધિત વિગતો આપવામાં આવતી નથી**

। પ્રતિનિધિ, હિંમતનગર, તા.૧૩ ।




બોગસ ખેડૂત ખાતેદાર કેસમાં ઈડર ભાજપના ધારાસભ્ય સામે તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ધારાસભ્ય રમણ વોરાને તંત્રએ ૩ નોટિસ આપીને જમીન ખરીદીમાં ખુલાસો માંગશે. ગેજેટ નંબર ૨૮૧૫ મુજબ અને ૬૩છ઼ અંતર્ગત કાર્યવાહી કરાશે. રમણ વોરા કરતૂત સ્વીકારશે તો મૂળ ખેડૂતને જમીન પરત કરવામાં આવશે. ધારાસભ્ય ખોટા સાબિત થતાં જંત્રીના ભાવે ૩ ગણો દંડ વસૂલાશે. ગાંધીનગર અને ઈડર મામલતદાર અને કૃષિપંચ તરફથી રમણ વોરા વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરાશે.થોડા સમય પહેલા ખોટા દસ્તાવેજોના આધારે ખેડૂત બની બેઠેલા ધારાસભ્ય રમણ વોરાએ તેઓના મત વિસ્તાર ઈડરના દાવડ ગામમાં ખેતીની જમીન ખરીદી હતી. ખેતીની જમીનનાં પુરાવા ન આપતા અરજદારે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી. અરજદાર દ્વારા સાબરકાંઠા જિલ્લા કલેક્ટરને લેખિત અરજી કરી રજૂઆત કરી છે. તેમજ ખોટા ખાતેદાર બનેલા ધારાસભ્ય રમણ વોરા સામે કાર્યવાહીની માંગ કરી છે.ભાજપના ધારાસભ્ય રમણ વોરાએ ખેડૂત તરીકેનું ખોટું દાખલો મેળવીને જમીન હસ્તગત કરવાના ગંભીર આરોપો હેઠળ આવ્યા છે. પિતાના નામ સાથે પોતાનું નામ ભેળવી ખેડૂત ખરાઈનો જથ્થો મેળવવામાં આવ્યો હતો. જેમાં વોરા અટકનો ઉલ્લેખ ન હોવા છતાં ખરાઈનો દાખલો મેળવી લેવાયો છે. આ આધારે ગાંધીનગર નજીક પાલેજ વિસ્તારમાં ખેતીલાયક જમીન ખરીદવામાં આવી હતી. બાદમાં આ જમીન પોતાના નજીકના વ્યક્તિને વેચીને, તેને એનએ (નૉન-એગ્રીકલ્ચરલ) તરીકે જાહેર કરાવી હતી. જે બાદ જમીન એનએ કરી વોરાના પુત્રોના નામે ફરીથી મેળવી લેવામાં આવી.

---

### ૧ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ સિન્ડિકેટની બેઠકમાં આ જગ્યા ફાળવવા માટે ચર્ચા થઈ હતી

## ગુજરાત યુનિવર્સિટીએ કરોડોનું કૌભાંડ કર્યું । કાપડિયા સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા

**યુનિવર્સિટીએ આ જગ્યા અમદાવાદના સેટેલાઇટમાં લહાણી જેવી આર.એચ. કાપડિયા સ્પોર્ટ્સ એકેડેમીને મફતમાં આપી છે । સિન્ડિકેટની બેઠકમાં આ જગ્યા આપવા માટે ચર્ચા થઈ હતી**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ ।

ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં ટેનિસ માટે જગ્યા છે. યુનિવર્સિટીએ આ જગ્યા અમદાવાદના સેટેલાઈટમાં લહાણી જેવી આર.એચ. કાપડિયા સ્પોર્ટ્સ એકેડેમીને મફતમાં આપી છે. સિન્ડિકેટની બેઠકમાં આ જગ્યા આપવા માટે ચર્ચા થઈ હતી. ત્યારબાદ સિન્ડિકેટના સભ્યોની સંમતિથી આ જગ્યા ખાનગી શાળાને ફાળવવામાં આવી છે. આ જગ્યા આપવા માટે કોઈ ટેન્ડર કે અન્ય પ્રક્રિયા કરવામાં આવી ન હતી.

૧ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ સિન્ડિકેટની બેઠકમાં આ જગ્યા ફાળવવા માટે ચર્ચા થઈ હતી, ત્યારબાદ તમામ સભ્યોની સંમતિથી આ જગ્યા ફાળવવામાં આવી હતી. આ જગ્યા ફાળવવા માટે યુનિવર્સિટી દ્વારા આર.જે. કાપડિયા સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ એમઓયુ મુજબ,આમાંથી થતી આવકનો ૭૦% ભાગ



આર.એચ.કાપડિયાને જશે.જ્યારે આવકનો ૩૦% ભાગ ગુજરાત યુનિવર્સિટીને જશે. આ પછી, ૧૨ ડિસેમ્બરે ટેનિસ કોર્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં વાઈસ ચાન્સેલર નીરજા ગુપ્તા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ચાર દિવસ પહેલા ગુજરાત યુનિવર્સિટી દ્વારા અલગ અલગ લોકોને જગ્યા ફાળવવાના વિવાદ બાદ યુનિવર્સિટીએ સ્પષ્ટતા કરી હતી કે ગુજરાત યુનિવર્સિટીમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને રમતગમત પ્રવૃત્તિઓને લગતી બધી જગ્યાઓ કોઈપણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા ચલાવવાની મંજૂરી નથી. આ બધાનું સંચાલન ગુજરાત યુનિવર્સિટી દ્વારા જ કરવામાં આવશે. જોકે, ટેનિસ કોર્ટ હજુ પણ કાપડિયા સ્પોર્ટ્સ એકેડેમી દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે.

આ સંદર્ભમાં, ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ સિન્ડિકેટ સભ્ય ઈન્દ્રવિજયસિંહ ગોહિલે જણાવ્યું હતું કે યુનિવર્સિટીએ જમીન હડપ કરી છે. યુનિવર્સિટીએ પોતાની મરજીથી ખાનગી સંસ્થાઓ અને લોકોને જમીન ફાળવી છે. ટેનિસ કોર્ટ પણ એક રૂપિયો લીધા વિના ખાનગી એકેડેમીને સોંપવામાં આવ્યું છે. ગુજરાત યુનિવર્સિટીને મળેલી જમીન દાનમાં આપવામાં આવી છે, જે વિદ્યાર્થીઓના હિત માટે છે. જોકે, યુનિવર્સિટી ખાનગી કંપનીઓ અને કેટલાક સભ્યોને ફાયદો કરાવી રહી છે. અમે આનો સખત વિરોધ કરીશું.

---

### ચાર લોકોએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો

## હિટ એન્ડ રનના આરોપીની કોર્ટ પરિસરમા કરાઈ બરાબર ખાતીરદારી । લાકડીઓથી માર માર્યો

। અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદના નહેરુ નગરમાં ઝાંસી કિ રાની BRTS બસ સ્ટેન્ડ પાસે એક થોડા સમય પહેલા ગંભીર અકસ્માત થયો હતો, જેમાં બ્રેઝા ચાલક રોહન સોનીને ઝડપી ગતિએ ગાડી ચલાવતા બે યુવાનોના મોત નીપજ્યા હતા.૧૨ ઓગસ્ટના રોજ, અમદાવાદ મેટ્રો પોલીસે આરોપી રોહન સોનીની ધરપકડ કરી હતી. અકસ્માતના આરોપીને પોલીસની સામે જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.ઉત્તર વિભાગ ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીએસઆઈ મેહુલ સિંધવે કરંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે ૧૧ ઓગસ્ટના રોજ તેઓ નહેરુ નગર અકસ્માતના આરોપી રોહન સોનીને ઘી કાંટા કોર્ટમાં લાવ્યા હતા. જ્યારે આરોપીને પોલીસ વાહનમાંથી નીચે ઉતારવામાં આવ્યો ત્યારે ચાર લોકોએ મળીને આરોપીને લાકડીઓથી માર માર્યો હતો, જેના કારણે પોલીસે આરોપીને ચારે બાજુથી ઘેરી લીધો હતો અને કોર્ટમાં લઈ ગયો હતો. આ દરમિયાન ચાર લોકોએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો અને તેમને ઘાયલ કર્યા હતા અને પોલીસના કામમાં અવરોધ ઉભો કર્યો હતો.

CAR WORLD
AUTO GARAGE

Karan Panchal
+91 9427796859

Mahesh Gajnotar
+91 9824699827

Shop No. 1, Radhe Hills,
Nr. Rameshwar Transport,
Mahemadabad Road,
Hathijan, Gujarat-382 445.

---

### નરાધમને કોર્ટે જેલભેગો કર્યો

## કચ્છમાં પાંચ રૂપિયાની લાલચ આપી બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું

**૯ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૫ વર્ષના બાળક સાથે ૫૨ વર્ષીય બળદેવપુરી ઉર્ફે બળુ ગોસ્વામી નામના વ્યક્તિએ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હોવાનો હચમચાવનારો કિસ્સો બન્યો**

। પ્રતિનિધિ, ભુજ,તા.૧૩ ।

જિલ્લાના મુન્દ્રા તાલુકાના મોટી તુંબડી ગામ ખાતે એક ચોંકાવનારો અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. ૯ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૫ વર્ષના બાળક સાથે ૫૨ વર્ષીય બળદેવપુરી ઉર્ફે બળુ ગોસ્વામી નામના વ્યક્તિએ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હોવાનો હચમચાવનારો કિસ્સો બન્યો છે. આરોપી બાળકને પોતાના ઘરે લઈ ગયો ત્યાં તેની એકલતાનો ફાયદો ઉઠાવ્યો હતો. સમગ્ર મામલે ૧૧ ઓગસ્ટના રોજ કચ્છ વેસ્ટના પ્રાગપર પોલીસ દ્વારા કડિયા કામના વ્યવસાય સાથે સંકળાયેલા બળદેવપુરી ઉર્ફે બળુ ગોસ્વામી નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

આરોપીને આજે ૧૨ તારીખના રોજ કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટ દ્વારા આરોપીને જેલ હવાલે કરવાનો હુકમ સંભળાવવામાં આવ્યો જેથી હાલ આરોપીને તેની કરતૂતને કારણે જેલના સળિયા ગણવાનો વારો આવ્યો છે.

પ્રાગપર પોલીસ સ્ટેશન ખાતેથી મળતી માહિતી અનુસાર ૩૬ વર્ષીય ફરિયાદી દ્વારા પ્રાગપર પોલીસ સ્ટેશન ખાતે BNS તેમજ પોક્સો એક્ટની કલમ ૮, ૧૧, ૧૨, ૧૮ સહિતની કલમ હેઠળ બળદેવપુરી ઉર્ફે બળુ ગોસ્વામી નામના વ્યક્તિ વિરુદ્ધ ૧૦ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસને આપેલી ફરિયાદમાં ફરિયાદી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ૯ ઓગસ્ટ ના રોજ તેમનો સગીર વયનો દીકરો મોટી તુંબડી ગામ ખાતે ચોકમાં રમતો હતો.



તે દરમિયાન ગોસ્વામી દ્વારા તેના દીકરાને પાંચ રૂપિયા આપવાની લાલચ આપીને પોતાના ઘરે લઈ ગયો હતો. જ્યાં તેના દીકરાના તેમજ પોતાના કપડા ઉતારીને શારીરિક અડપલા કરવામાં આવ્યા હતા. તેમજ તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે બનાવ સમયે બાળક ગભરાઈ જતા તે આરોપીના ઘરેથી નાસી ગયો હતો. ત્યારબાદ પોતાના પરિવારજનોને સમગ્ર મામલાની જાણ કરી હતી. જ્યારે પરિવારને આ મામલે જાણ થઈ ત્યારે પરિવારજનો પણ ચોંકી ગયા હતા.

લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt




પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya